કેસ રજુ તા. ૧૦–૦૮–૨૩
દાખલ તા. ૧૦–૦૮–૨૩
ફેંસલ તા. ૦૮–૦૬–૨૬
અવધિઃ– વર્ષ માસ દિવસ

**બોટાદ જીલ્લા અદાલતના મહે. એડી. સેશન્સ જજ તથા**
**સ્પે. જજ સાહેબશ્રીની કોર્ટમાં,**
**તા. જી. બોટાદ.**

સેશન્સ કેસ નં. ૪૬/૨૦૨૩
આંક–

**ફરીયાદીઃ–** શ્રી સરકાર.

**વિરૂધ્ધ**

**આરોપીઃ–** હરેશભાઈ વેલશીભાઈ ગાબુ,
ઉ.વ.આ. ૨૭, ધંધો – મજુરી,
રહે. પાળીયાદ સરકારી ગોડાઉનની સામે,
પાળીયાદ, જી.બોટાદ.

---

**ગુનોઃ–** ઈ.પી.કો. કલમ–૩૦૨, ૩૭૬(એ), ૪૫૨, ૪૫૦ મુજબનો ...

---

ફરીયાદી તરફે વિદ્વાન એ.પી.પી.શ્રી – કે.એમ.મકવાણા.
આરોપી તરફે વિદ્વાન વકીલશ્રી – વાય.પી.પાઠક.

---

**–: ચુકાદો :–**

**૧.)** ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકત નીચે મુજબ છે.

આ કામના ફરિયાદી મનસુખભાઈ નાગરભાઈ મીતલીયાના માતા કે જે આ કામના ભોગબનનાર છે અને મરણ જનાર પણ છે તેઓ તા.૦૩/૦૬/૨૦૨૩ ના રોજ પાળીયાદ મુકામે આવેલ તેઓના ઘરે એકલા રહેતા હોય, જેની એકલતાનો આરોપીએ લાભ લઈ, ગુન્હો કરવાના ઈરાદે હાથમાં તલવાર લઈ ફરિયાદીના માતા રહેતા હતા તે ઘરમાં પ્રવેશ કરી, ફરિયાદીના માતા ભોગબનનાર/મરણજનારને નિર્વસ્ત્ર કરી, ફરિયાદીના માતાની ઈચ્છા અને મરજી વિરૂદ્ધ બળજબરીપૂર્વક બળાત્કાર ગુજારી, કપડા

વતી ગળાટુપો દઈ, ફરિયાદીના માતાનુ મોત નિપજાવી, આરોપીએ ગુનો આચરેલો.

સદરહુ ગુના અંગેની ફરિયાદ હકીકત ફરિયાદીએ જાહેર કરતાં પોલીસ સ્ટેશનનાં જવાબદાર અધિકારીએ ફરિયાદીની ફરિયાદ નોંધી લઈ ક્રિ.પ્રો.કો.કલમ – ૧૫૭ મુજબનો રિપોર્ટ જાહેર કરી ગુ.રજી.નં. ફર્સ્ટ–૧૧૧૯૦૦૦૫૨૩૦૨૪૮/૨૦૨૩ થી ગુન્હો દાખલ કરાવી ગુન્હાની તપાસ હાથ ધરેલી.

**૨.)** જે ફરીયાદ અંગે તપાસ કરનાર અમલદારે તપાસ કરી, લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ, જરૂરી દસ્તાવેજી પુરાવાઓ એકઠા કરી આરોપી વિરૂધ્ધનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં કરેલું. ત્યારબાદ આ કામે આરોપીને સમન્સ નોટીશ બજતાં આરોપી નામદાર કોર્ટ સમક્ષ હાજર થયેલ છે. જેથી તેને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની વિનામુલ્યે નકલો આપ્યાની ખાત્રી કર્યા બાદ આરોપી વિરૂધ્ધ આંક–૧૧ થી તહોમતનામુ ફરમાવેલું. જે તહોમતનામા સબબ આરોપીની આંક–૧૨ થી પ્લી નોંધતા આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલો. જેથી આરોપી વિરૂધ્ધ ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

**૩.)** આરોપી વિરૂધ્ધ તહોમતનામુ ફરમાવ્યા બાદ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૩૧ અન્વયે ગુનો પુરવાર કરવા સારૂ ફરિયાદપક્ષે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો નોંધાવેલો છે.

**–: મૌખિક પુરાવો :–**

| **સાહેદ નં.** | **આંક** | **સાહેદનુ નામ** | **સાહેદની કામગીરી** |
|---|---|---|---|
| ૧. | ૧૩ | ડૉ. હેમલ કમલેશભાઈ મોગા | મેડિકલ ઓફિસર |
| ૨. | ૨૦ | મનસુખભાઈ નાગરભાઈ મીતલીયા | ફરિયાદી |
| ૩. | ૨૨ | જસુબેન રાજાભાઈ મીતલીયા | પંચસાહેદ |
| ૪. | ૨૫ | મંજુબેન ગોરધનભાઈ જાંજરૂકીયા | સાહેદ |
| ૫. | ૨૬ | અનોપભાઈ કાળુભાઈ પઢીયાર | પંચસાહેદ |
| ૬. | ૨૭ | હરજીવનભાઈ મગનભાઈ મીતલીયા | સાહેદ |

| | | | |
|---|---|---|---|
| ૭. | ૨૮ | તેજાભાઈ રચાભાઈ ડાંગર | સાહેદ |
| ૮. | ૩૦ | હરેશભાઈ વાલાભાઈ જોગહવા | સાહેદ |
| ૯. | ૩૧ | રણછોડભાઈ ગાંડાભાઈ બારૈયા | સાહેદ |
| ૧૦. | ૩૪ | જયરાજભાઈ લાભુભાઈ મેણીયા | ફોટોગ્રાફર |
| ૧૧. | ૩૬ | ડૉ. સચ્ચીદાનંદ સીતારામ પ્રસાદ | મેડિકલ ઓફિસર |
| ૧૨. | ૪૧ | રતનસિંહ માનસિંહ જાદવ | સાહેદ |
| ૧૩. | ૪૩ | નિરવભાઈ મહેશકુમાર વ્યાસ | સાહેદ |
| ૧૪. | ૪૪ | અશ્વિનકુમાર હરીભાઈ ઈટાલીયા | એફ.એસ.એલ. અધિકારી |
| ૧૫. | ૪૮ | અરવિંદભાઈ ઋગનાથભાઈ સાકરીયા | સાહેદ |
| ૧૬. | ૫૨ | સુરેશભાઈ મુળજીભાઈ પડસારીયા | પંચસાહેદ |
| ૧૭. | ૬૦ | રણછોડભાઈ વીહાભાઈ ડાંગર | પંચસાહેદ |
| ૧૮. | ૬૯ | માત્રાભાઈ હરજીભાઈ જોગહવા | પંચસાહેદ |
| ૧૯. | ૭૫ | રામજીભાઈ વિહાભાઈ જોગહવા | પંચસાહેદ |
| ૨૦. | ૭૬ | વિપુલભાઈ ભીખાભાઈ જોગહવા | પંચસાહેદ |
| ૨૧. | ૮૦ | રાજેશભાઈ દડુભાઈ જેબલીયા | પંચસાહેદ |
| ૨૨. | ૮૩ | લાલજીભાઈ કમાભાઈ જોગહવા | પંચસાહેદ |
| ૨૩. | ૮૭ | અર્ચનાબેન મુકેશભાઈ રાવલ | ત.ક.અધિકારી |
| ૨૪. | ૧૦૬ | આશીષકુમાર મુકેશભાઈ દેસાઈ | એફ.એસ.એલ. અધિકારી |
| ૨૫. | ૧૦૮ | રાજેશભાઈ દડુભાઈ જેબલીયા | પંચસાહેદ |

## –: દસ્તાવેજી પુરાવો :–

| **ક્રમ** | **આંક** | **વિગત** |
|---|---|---|
| ૧. | ૧૪ | લાશનુ પી.એમ.કરવા સર ટી. હોસ્પિટલ, ભાવનગર ખાતે કરેલ યાદી |
| ૨. | ૧૫ | પી.એમ. કરવા સંબંધે પોલીસ અધિક્ષકશ્રી બોટાદનાઓનો ઓથોરીટી પત્ર |
| ૩. | ૧૬ | લાશનુ પી.એમ. કરવા સી.એચ.સી. બોટાદને કરેલ યાદી |
| ૪. | ૧૭,૧૮ | શબ પરથી નમુનાઓ લઈ એફ.એસ.એલ. પરીક્ષણ અર્થે મોકલેલ તે યાદી |
| ૫. | ૨૧ | ફરિયાદ |
| ૬. | ૨૩ | ઈન્કવેસ્ટ પંચનામુ |

| | | |
|---|---|---|
| ૭. | ૨૪ | સાહેદ જસુબેન મીતલીયાનુ સી.આર.પી.સી. કલમ – ૧૬૪ મુજબનુ નિવેદન |
| ૮. | ૨૯ | સાહેદ તેજાભાઈ રૈયાભાઈ ડાંગરનું સી.આર.પી.સી. કલમ – ૧૬૪ મુજબનુ નિવેદન |
| ૯. | ૩૨ | સાહેદ રણછોડભાઈ ગાંડાભાઈ બારૈયાનું સી.આર.પી.સી. કલમ – ૧૬૪ મુજબનુ નિવેદન |
| ૧૦. | ૩૫ | ભારતીય પુરાવા અધિનિયમ ૧૮૭૨ ની કલમ – ૬૫(બી) ની જોગવાઈનું પ્રમાણપત્ર |
| ૧૧. | ૩૭ | આરોપીના ડી.એન.એ. બ્લડ સેમ્પલ લેવા સી.એચ.સી. પાળીયાદને કરેલ યાદી |
| ૧૨. | ૩૮ | આઈડેન્ટીફીકેશન ફોર્મ |
| ૧૩. | ૩૯ | આરોપીની શારીરિક તપાસણી અંગેનુ મેડિકલ સર્ટીફિકેટ |
| ૧૪. | ૪૨ | બનાવવાળી જગ્યાનો નકશો |
| ૧૫. | ૪૫ | સ્થળ પરીક્ષણ અહેવાલ |
| ૧૬. | ૪૯ | હથિયારબંધીનુ જાહેરનામુ તથા તે સાથેના દસ્તાવેજો |
| ૧૭. | ૫૩ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ |
| ૧૮. | ૫૪ થી ૫૮ | ગુનાવાળી જગ્યાએથી મુદ્દામાલ કબજે કર્યા અંગેની પંચસ્લીપો |
| ૧૯. | ૬૧ | મરણજનારના સેમ્પલો તથા કપડા કબજે કર્યા અંગેનુ પંચનામુ |
| ૨૦. | ૬૨ થી ૬૮ | મરણજનારના કપડા કબજે કર્યા અંગેના એફ.એસ.એલ.ના ટેગ |
| ૨૧. | ૭૦ | આરોપીની અટક તથા આરોપીએ બનાવ વખતે પહેરેલ કપડા કબજે કર્યા અંગેનુ પંચનામુ |
| ૨૨. | ૭૧ થી ૭૪ | આરોપીના કપડા કબજે કર્યા અંગેની પંચસ્લીપો તથા એફ.એસ.એલ.ના ટેગ |
| ૨૩. | ૭૭ | આરોપીનો મોબાઈલ કબજે કર્યા અંગેની પંચસ્લીપ |
| ૨૪. | ૭૮ | રીકવરી પંચનામુ |
| ૨૫. | ૭૯ | આરોપીના મોબાઈલ ફોનના સ્ક્રીનશોટ્ર્સ તથા બનાવવાળી જગ્યાના ફોટાની સી.ડી. |
| ૨૬. | ૮૧ | આરોપી પાસેથી મુદ્દામાલ તલવાર કબજે કર્યા અંગેની પંચસ્લીપ |
| ૨૭. | ૮૨ | હથિયાર રીકવરીનુ ડીસ્કવરી પંચનામુ |
| ૨૮. | ૮૪ | આરોપીના બ્લડ સેમ્પલ કબજે કર્યા અંગેનુ પંચનામુ |
| ૨૯. | ૮૮ | સ્ટેશન ડાયરીના ઉતારાની નકલ |

| | | |
|---|---|---|
| ૩૦. | ૮૯ | મરણજનારની લાશનુ ઈન્કવેસ્ટ ભરવા એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ, બોટાદને કરેલ યાદી |
| ૩૧. | ૯૦ | મરણોત્તર રીપોર્ટ |
| ૩૨. | ૯૧ | લાશનુ પી.એમ. કરવા સર ટી. હોસ્પિટલ ભાવનગરને કરેલ યાદી |
| ૩૩. | ૯૨ | તપાસ સંભાળ્યા બાબતનો હુકમ |
| ૩૪. | ૯૩ | આરોપીની અટક બાબતની સ્ટેશન ડાયરીમાં કરેલી નોંધ |
| ૩૫. | ૯૪ | આરોપીને અટક કર્યા બાબતની જાણ એસ.પી.શ્રી બોટાદને કરેલી તે યાદી |
| ૩૬. | ૯૫ | મરણજનારના ઘરનું લાઈટબીલ |
| ૩૭. | ૯૬ | મરણજનારની પી.એમ. નોટ મેળવવા કરેલ યાદી |
| ૩૮. | ૯૭ | મુદ્દામાલ ડી.એન.એ. તથા એફ.એસ.એલ. પૃથ્થકરણ માટે મોકલાવેલ તે રવાનગી નોંધ તથા રવાનગી પત્રક |
| ૩૯. | ૯૮ થી૧૦૦ | મુદ્દામાલ એફ.એસ.એલ.માં મળ્યા અંગેની પહોચો |
| ૪૦. | ૧૦૨ | સાહેદોના નિવેદનો લેવા નામદાર ચીફ કોર્ટ બોટાદને કરેલ યાદી |
| ૪૧. | ૧૦૩, ૧૦૪ | એફ.એસ.એલ., જુનાગઢ તરફથી ઝેર શાસ્ત્ર તથા બાયોલોજી સીરોલોજી અહેવાલ |
| ૪૨. | ૧૦૫ | ફોરેન્સિક એક્ઝામીનેશન રીપોર્ટ |

**૪.)** ઉપરોક્ત વિગતે ફરીયાદપક્ષ તરફથી મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજુ કર્યા બાદ ફરીયાદપક્ષ તરફે પુરાવો પુરો થયા અંગે આંક-૧૦૯ ની કલોઝીંગ પુરસીસથી જાહેર કરેલ છે. ત્યારબાદ ક્રિ.પ્રો.કોડની કલમ-૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન લેતાં તેઓએ જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે, તેઓને ખોટી રીતે સંડોવી દીધેલ છે. ખોટી ફરિયાદને આધારે ખોટા પુરાવાઓ મેળવી ખોટુ ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે. જેથી તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

**૫.)** ત્યારબાદ ફરીયાદપક્ષે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૩૪ હેઠળ વિદ્બાન પી.પી.શ્રી કે. એમ. મકવાણા અને બચાવપક્ષે આરોપી તરફે વિદ્બાન વકીલશ્રી વાય.પી.પાઠકની દલીલો સાંભળી જે ધ્યાને લીધી.

**૫.૧)** ફરીયાદપક્ષે વિદ્બાન પબ્લિક પ્રોસિક્યુટરશ્રી કે.એમ.મકવાણા દ્બારા આંક - ૧૧૦ અન્વયે લેખિત દલીલો રજુ કરવામાં આવેલ છે. જે

અનુસાર તમામ સાહેદોની જુબાની જોતા તેમજ મરણજનારના શબ ઉપર જોવા મળેલ ઈજાઓ જોતા મૃત્યુનુ કારણ હાથેથી ગળુ દબાવવાના કારણે થયેલ છે તેમજ શરીરના ગુપ્ત ભાગે થયેલી ઈજાઓ ફોર્સફુલ વજાઈનલ પેનેટ્રેશનથી થયેલ છે જે મૃત્યુ નિપજાવવા માટે પુરતી હતી. વિ.પી.પી.શ્રીના જણાવ્યા અનુસાર આ કામના મરણજનારના શરીર ઉપરથી મેળવેલા નમુનાઓનુ ડી.એન.એ. આરોપીના લોહીના ડી.એન.એ. સાથે મેચ થાય છે અને આરોપીએ મરણજનારનુ ગળુ દબાવી હત્યા કરેલી છે અને બળજબરીપૂર્વક બળાત્કાર કરી શરીરના જુદા જુદા ભાગો પર ઈજા પહોચાડેલ છે.

વિદ્વાન પી.પી.શ્રીના જણાવ્યા અનુસાર આ કામે નજરે જોનાર સાહેદોની જુબાની જોતા આરોપી મરણજનારના ઘરમાં દાખલ થયા અને તલવાર સાથે બહાર નિકળતા સાહેદોએ જોયેલા છે. વિશેષમાં પંચસાહેદો દ્વારા પણ આરોપી પાસેથી ગુનામાં વાપરવામાં આવેલ તલવાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં ઓળખી બતાવવામાં આવેલ છે. તેમજ તપાસ કરનાર અધિકારીની જુબાની જોતા આ કામના આરોપીઓ વિરૂદ્ધનો કેસ ફરિયાદપક્ષ દ્વારા શંકારહિત પુરવાર કરવામાં આવેલ છે. તે સંજોગોમાં આરોપીએ એક વૃદ્ધાની એકલતાનો લાભ લઈ ગુનો કરેલ હોય આરોપીને હાલનો કેસ રેરેસ્ટ ઓફ ધ રેર કેસ ગણી કાયદામાં કરવામાં આવેલ જોગવાઈઓ મુજબ આરોપીને દેહાંત દંડની સજા તથા દંડ કરવા વિનંતિ કરેલ છે.

**૫.૨)** જ્યારે બચાવપક્ષના વિદ્વાન વકીલશ્રી વાય.પી.પાઠક દ્વારા મૌખિક દલીલો રજુ કરવામાં આવેલ છે, જે અનુસાર આ કામે બનાવ નજરે જોનાર સાહેદોની જુબાની જોતા આરોપી વિરૂદ્ધનો કેસ શંકા રહિત પુરવાર થતો નથી. આ કામે આરોપી પાસેથી જે તલવાર રીકવર કરવામાં આવેલ છે તેની ઉપર લોહીના કોઈ નિશાન જણાયેલ નથી અને તેના વડે મરણજનારને શરીર ઉપર કોઈ ઈજા કરવામાં આવેલ હોય તેવુ પુરવાર થતુ નથી. વિશેષમાં, તપાસ કરનાર અધિકારીશ્રીએ બનાવ સ્થળેથી જે કપડા તથા દોરી કબજે લીધેલ છે તેના ઉપર આરોપીઓના કોઈ ફીંગરપ્રિન્ટ જણાયેલ નથી. આ કામે એફ.એસ.એલ. કચેરી દ્વારા જે ડી.એન.એ. રીપોર્ટ આપવામાં આવેલ છે તે માત્ર અભિપ્રાય છે અને હાલના આરોપીને આ ગુનામાં સાંકળતી કડીઓ

પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે. તે સંજોગોમાં હાલના આરોપીની આ ગુનામાં સંડોવણી હોવાનુ તેમજ આ ગુનામાં સંડોવણી હોવાનું તેમજ આ ગુનો આરોપીએ કરેલ હોવાનુ ફરિયાદપક્ષ સાબિત કરી શકેલ ન હોય આરોપીને શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

– ફરિયાદપક્ષ તરફે તેઓની દલીલોના સમર્થનમાં **માલતી સાહુ વિરૂદ્ધ રાહુલ, ૨૦૨૨(૦) એ.આઈ.જે.ઈ.એલ.–સુપ્રિમકોર્ટ ૬૯૫૧૮** નો ચુકાદો રજુ કરવામાં આવેલ છે.

– જયારે આરોપીપક્ષ તરફે નીચે મુજબના ચુકાદાઓ રજુ કરવામાં આવેલ છે.

**૧) નાયબ પોલીસ અધિક્ષક સીબી–સીઆઈડી વિરૂદ્ધ રાજ્ય,**

**૨) કટ્ટુવેલાઈ ઉર્ફે દેવકર વિરૂદ્ધ તમિલનાડુ રાજ્ય,**

**૩) દસારી સીવા પ્રસાદ રેડ્ડી વિરૂદ્ધ પબ્લિક પ્રોસિક્યુટર, હાઈકોર્ટ ઓફ આંધ્રપ્રદેશ.**

**૬.)** સદર કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

## –: મુદ્દાઓ :–

**૧.)** શું ફરીયાદપક્ષે નિઃશંકપણે પુરવાર કરેલ છે કે, આ કામના ફરિયાદી મનસુખભાઈ નાગરભાઈ મીતલીયાના માતા કે જે આ કામના ભોગબનનાર છે અને મરણ જનાર પણ છે તેઓ તા.૦૩/૦૬/૨૦૨૩ ના રોજ પાળીયાદ મુકામે આવેલ તેઓના ઘરે એકલા રહેતા હોય, જેની એકલતાનો આરોપીએ લાભ લઈ, ગુન્હો કરવાના ઈરાદે હાથમાં તલવાર લઈ ફરિયાદીના માતા રહેતા હતા તે ઘરમાં પ્રવેશ કરી, ફરિયાદીના માતા ભોગબનનાર/ મરણજનારને નિર્વસ્ત્ર કરી, ફરિયાદીના માતાની ઈચ્છા અને મરજી વિરૂદ્ધ બળજબરીપૂર્વક બળાત્કાર ગુજારી, કપડા વતી ગળાટુપો દઈ, ફરિયાદીના માતાનુ મોત નિપજાવી, ઈ.પી.કો. કલમ– ૩૦૨, ૩૭૬(એ), ૪૫૨, ૪૫૦ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલો છે?

**૨.)** શું હુકમ?

ઉપરોક્ત મુદ્દાઓના મારા **નિર્ણયો** નીચે મુજબ છે.

૧.) નકારમાં

૨.) આખરી હુકમ મુજબ.

ઉપરોક્ત નિર્ણયો અંગેના મારા **કારણો** નીચે મુજબ છે.

**-: કારણો :-**

**૭.)** સદરહુ કામે ફરિયાદપક્ષે આરોપી વિરૂદ્ધનો કેસ સાબિત કરવા માટે સૌપ્રથમ **સાહેદ નં. ૧ ડૉ. હેમલ કમલેશભાઈ મોગાને આંક – ૧૩** થી સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૦૪/૦૬/૨૦૨૩ ના રોજ તેઓ સર ટી. હોસ્પિટલ ખાતે તેઓ ફરજ પર હતા ત્યારે પાળીયાદ પોલીસ સ્ટેશનથી ભોગબનનારનું શબ પી.એમ. માટે પી.એમ. કરવાની યાદી, ઈન્કવેસ્ટ પંચનામુ, મરણોત્તર ફોર્મ, બોટાદના એસ.પી.શ્રીનો પત્ર તથા મેડિકલ ઓફિસર પાળીયાદની રીફર નોટ સાથે સવારે ૧૧.૦૦ વાગ્યે લઈને આવેલા કે જેનું પી.એમ. તેઓએ ૧૧.૧૫ થી ૧૪.૨૦ સુધી કરેલું. શબની બાહ્ય તપાસ કરતા શબ પર જોવા મળેલ કપડા અને કોહવાઈ જવાના ચિહ્નોનું વર્ણન પી.એમ. નોટના પેજ નં. ૧ મુજબનું છે. શબ ઠંડુ હતુ અને શબ અકડાવવાની પ્રક્રિયા પાસીંગ સ્ટેજમાં હતી. પી.એમ. લીવીડીટી શબના પાછળના ભાગે દબાણ સિવાયના ભાગે ગુલાબી રંગની અને ફિક્સ હતી. ચહેરો કન્જેસ્ટેડ હતો. જમણા હાથના નખ સુઘડ રીતે કાપેલા હતા અને નેઈલ બેડની બહાર નિકળતા ન હતા. કમર પર આગળના ભાગે મધ્યમાં ૨ x ૨ સેમીનો એક અનિયમિત આકારનો ઘાટો લાલ સુકાઈ અને ગંઠાઈ ગયેલો લોહીનો ડાઘો હતો. યોનીમાર્ગ અને ગુદાની વચ્ચેનો ભાગનો આગળનો અડધો ભાગ ઘાટા લાલ ગંઠાઈ ગયેલા લોહીથી ખરડાયેલો હતો.

શબ પર ઈજા નં. ૧) ડાબા નાક પર ચકામુ હતું. નં. ૨) દાઢી પર દબાણ પ્રકારના છોલાણ સાથેનું ચકામુ હતું. નં. ૩) જમણી બાજુના નીચેના જડબાના વિસ્તારમાં મધ્ય ભાગે ચકામુ હતું. નં. ૪) ડાબી બાજુના ગળા પર આગળની બહારની બાજુએ દબાણ પ્રકારના છોલાણ સાથેનું ચકામુ હતું. નં. ૫ બાહ્ય જીનેન્દ્રીયની આજુબાજુનો વિસ્તાર ની અંદરની દીવાલમાં

ચકામુ હતું. નં. ૬) બંને લેબીઆ માઈનોરા ચકામાગ્રસ્ત હતાં. નં. ૭) જમણી બાજુના ઉપરના લેબીઆ મેજોરામાં દીવાલ પર રક્તસ્ત્રાવ હતો. નં. ૮) યોગી માર્ગના મુખની ૦.૨ સેમી અંદરની દીવાલ ૩ o'clock to ૭ o'clock સુધી ફાટેલી હતી અને તેમા ગંઠાયેલુ લોહી હતું. નં. ૯) યોની માર્ગના મુખની રચનાઓ અને પેરીનિયમ અને ગુદા માર્ગના મુખનો આગળનો અડધો ભાગ ચકામાગ્રસ્ત હતો. સદરહું ઈજાઓ ઘાટી લાલ રંગની હતી. શબ પર જોવા મળેલ ઈજાઓ મૃત્યુ પહેલાની ફ્રેશ એટલે કે ૨૪ કલાક દરમિયાન થયેલી હતી અને બલંન્ટફોર્સથી સંભવી શકે તેવી હતી. મૃત્યુનું કારણ મેન્યુઅલ સ્ટ્રેન્ગ્યુલેશન એટલે કે હાથેથી ગળુ દબાવવુ તે છે.

ગુપ્ત ભાગની ઈજાઓ રીસન્ટ ફોર્સફુલ વજાઈનલ પેનેટ્રેશનથી થયેલ છે (એટલે કે કોઈ પદાર્થ વડે તાજેતરમાં ફોર્સ સાથે યોનિમાર્ગમાં પ્રવેશ કરવામાં આવેલ) તેવો અભિપ્રાય છે. મૃત્યુ પી.એમ. કર્યા પહેલાના અઢારથી છત્રીસ કલાક વચ્ચેના સમયગાળામાં થયેલ હોય તેવો તેમનો અભિપ્રાય છે. મરણજનારને થયેલ ઈજા નં. ૧ ઝપાઝપીમા થઈ શકે તે પ્રકારની હતી. ઈજા નં. ૨ થી ૪ ગળુ દબાવવાથી થઈ શકે તેવા પ્રકારની હતી. ઈજા નં. ૫ થી ૯ કોઈ વ્યક્તિ સાથે બળજબરીપૂર્વક શરીર સંબંધ તેમજ અકુદરતી શરીર સબંધ બાંધવામાં આવે તો થઈ શકે તેવા પ્રકારની હતી. મરણજનારને થયેલી ઈજાઓ મૃત્યુ નિપજાવવા પૂરતી હતી. સદરહુ સાહેદને પી.એમ. નોટ બતાવતાં, સદર પી.એમ. નોટ ટાઈપ્ડ નોટ છે, જે નોટના અંગે તેમની તથા પેનલ ડો. શ્રી અમીતકુમાર અને ડો. કે.બી.માલકીયાની સહી છે. જે તેઓ ઓળખી બતાવે છે જે પી.એમ. નોટ આ કામે આંક – ૧૯ થી રજુ રાખેલ છે. વધુમાં સાહેદને એફ.એસ.એલ., ગાંધીનગર ખાતેથી આવેલ રીપોર્ટ બતાવતાં તેમાં પેરીનીયલ વિસ્તારમાંથી તેમણે લીધેલ એક નમુનામાં વીર્યની હાજરી જણાઈ આવે છે તથા તેમણે જમા લીધેલ પ્લાસ્ટીક બેગશીટમાંથી મળેલ વાળ, જમણી નીપલની આજુબાજુના વિસ્તારમાંથી મળેલ લાળનુ ડી.એન.એ. આરોપી હરેશભાઈ વેલશીભાઈ ગાબુના લોહીના ડી.એન.એ.થી મેચ થાય છે.

**૭.૧)** બચાવપક્ષે થેયલી ઉલટતપાસમાં સાહેદે સ્વીકારેલ છે કે, ઝપાઝપીના કિસ્સામાં બંને પક્ષનાઓને ઈજાઓ સંભવિ શકે તે વાત સાથે

તેઓ સંમત છે. મરણજનારના પી.એમ. દરમિયાન તેઓએ પહેરેલ ચણીયા ઉપર કોઈ પદાર્થની હાજરી જણાયેલ. સદર ચણીયો મુદ્દામાલ તરીકે લીધેલો. મરણજનારના શબ ઉપર અકડાઈ જવાની ક્રિયા શરૂ થઈ હશે અને ક્યારે પુરી થઈ હશે તે ચોક્કસ સમય તેઓ જણાવી શકે નહી. સદરહુ પ્રક્રિયામાં ઋતુ પ્રમાણે સમયગાળામાં ફેરફાર આવે. સામાન્ય સંજોગોમાં આ પ્રક્રિયા મૃત્યુના બે કલાક બાદ શરૂ થઈ જાય અને ચોવીસ થી અડતાલીસ કલાકમાં પૂર્ણ થાય. મરણજનારના શરીર ઉપર કોઈ શાર્પ કટીંગ ઈજા જોવા મળેલ નહી. કોઈ વ્યક્તિનુ બેલેન્સ ન રહે અને તે પડી જાય તો ઈજા નં. ૧ થી ૩ સંભવી શકે. મરણજનારના ગળા ઉપર કોઈ આંગળાના ચિન્હો જોવા મળેલ નથી. આંગળાના કોઈ ચિન્હો જોવા ન મળે ત્યારે સ્ટેન્ગ્યુલેશન સિવાય અન્ય પ્રકારે પણ મૃત્યુ સંભવી શકે. ભોગબનનારના શરીરના પાછળ(વાસા)ના ભાગે કે પગ ઉપર કોઈ ઢસડાવવાના નિશાન જોવા મળેલ નહી.

**<u>તબીબી અધિકારીશ્રીના પુરાવાનું મુલ્યાંકનઃ</u>**

**૭.૨)** ઉપરોક્ત તબીબી અધિકારીશ્રીના જણાવ્યા અનુસાર તેઓ દ્વારા તા.૦૪/૦૬/૨૦૨૩ ના રોજ મરણજનારનુ શબ પોસ્ટમાર્ટમ માટેની યાદી મળતા તેઓએ તેમના પેનલ ડૉક્ટરો સાથે મરણજનારના શબનુ પોસ્ટમાર્ટમ કરેલુ અને જુબાનીમાં જણાવ્યા અનુસારની મરણજનારના શરીર ઉપર ઈજાઓ જોવા મળેલી. તબીબી અધિકારીશ્રીના જણાવ્યા અનુસાર આ ઈજાઓ મૃત્યુના ૨૪ કલાક દરમિયાન થયેલી હતી અને બ્લન્ટફોર્સથી થઈ શકે તેવી હતી. જ્યારે મૃત્યુનુ કારણ મેન્યુઅલ સ્ટેન્ગ્યુલેશન એટલે કે હાથથી ગળુ દબાવવાના કારણે થયેલી. જ્યારે મરણજનારના ગુપ્ત ભાગે થયેલી ઈજાઓ કોઈ પદાર્થ વડે ફોર્સ સાથે યોની માર્ગમાં પ્રવેશ કરવાના કારણે થયેલી અને મરણજનારનુ મૃત્યુ પોસ્ટમાર્ટમ કર્યાના ૧૮ થી ૩૬ કલાક વચ્ચેના સમયગાળામાં થયેલ હોવાનો અભિપ્રાય આપેલ છે. તબીબી અધિકારીશ્રીના જણાવ્યા અનુસાર આ કામે તેઓને એફ.એસ.એલ. નો રાસાયણીક રીપોર્ટ બતાવવામાં આવતા મરણજનારના જમણા નિપલની આજુબાજુના વિસ્તારમાંથી મળેલ લાળનુ ડી.એન.એ. આરોપીના લોહીના ડી.એન.એ. થી મેચ થાય છે. આ કામે આરોપીપક્ષ તરફે થયેલી ઉલટતપાસ જોતાં તબીબી અધિકારીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, મરણજનારના

શરીર ઉપર કોઈ શાર્પ કટીંગ ઈજાઓ જોવા મળેલ નથી અને મરણજનારના ગળા ઉપર પણ કોઈ આંગળાના ચિન્હો જોવા મળેલ નહી. તે સંજોગોમાં મૃત્યુનુ કારણ મેન્યુઅલ સ્ટ્રેન્ગ્યુલેશન પણ હોઈ શકે. આ કામે ફરિયાદપક્ષ દ્વારા આરોપી વિરૂદ્ધ જે ગુનાઓ અંગેનુ ચાર્જશીટ રજુ કરવામાં આવેલુ છે તે અનુસાર આ આરોપીએ તા.૦૩/૦૬/૨૦૨૩ ના રોજ મરણજનારની એકલતાનો લાભ લઈ હાથમાં તલવાર લઈ મરણજનારની મરજી વિરૂદ્ધ બળજબરીપૂર્વક બળાત્કાર ગુજારી, કપડા વતી ગળે ટુપો દઈ મોત નિપજાવેલ છે. જ્યારે તબીબી અધિકારીશ્રીના જણાવ્યા અનુસાર મરણજનારનુ મૃત્યુ હાથેથી ગળુ દબાવવાના કારણે થયેલુ છે. વિશેષમાં, આ કામના આરોપીએ બનાવ સમયે તલવાર લઈ ફરિયાદીના ઘરમાં પ્રવેશ કરેલો અને આ ગુનો આચરેલો, પરંતુ મરણજનારના શરીર ઉપર કોઈપણ પ્રકારની શાર્પ કટીંગ ઈજાના ચિન્હો જોવા મળેલા નથી અને જો ફરિયાદપક્ષનો કેસ એવો હોય કે આ કામના આરોપીએ મરણજનારનુ ગળુ દબાવીને મોત નિપજાવેલ છે તો મરણજનારના ગળા ઉપર કોઈ આંગળીઓના ચિન્હો પણ જોવા મળેલા નથી. વિશેષમાં, ફરિયાદપક્ષના કેસ અનુસાર આરોપીએ મરણજનાર સાથે તેણીની મરજી વિરૂદ્ધ બળજબરીપૂર્વક બળાત્કાર ગુજારેલ છે. પરંતુ સામાન્ય સંજોગોમાં બળાત્કારના કેસમાં ભોગબનનારના શરીર ઉપર પાછળના ભાગે કે શરીરના અન્ય ભાગે ઘસરકા એટલે કે ઢસડાવાના નિશાનો જોવા મળે, પરંતુ હાલના કેસમાં મરણજનારના શરીરના પાછળના ભાગે કે શરીરના અન્યકોઈ ભાગે ઢસડાવાના કે ઘસરકાના કોઈ નિશાન જોવા મળેલ નથી. તે સંજોગોમાં મરણજનારનુ મૃત્યુ ચોક્કસ ક્યા કારણથી થયેલ છે તે સાબિત કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ રહેલ છે. વિશેષમાં, મરણજનારના જમણા નિપલની આજુબાજુના વિસ્તારમાથી મળેલ લાળનુ ડી.એન.એ. આરોપીના લોહીના ડી.એન.એ. સાથે મેચ થયેલાની હકીકતથી આરોપીએ મરણજનાર સાથે તેણીની મરજી વિરૂદ્ધ બળજબરીપૂર્વક બળાત્કાર ગુજારેલાની હકીકત શંકારહિત પુરવાર થતી નથી, તેમજ ગુપ્ત ભાગે થયેલી ઈજાઓ પણ જો ફોર્સફુલ વજાઈનલ પેનેટ્રેશનથી થયેલ હોય તો આરોપીના શરીર પર આવા કોઈ પ્રકારની ઈજાના નિશાન જોવા મળેલ નથી. તે સંજોગોમાં તબીબી અધિકારી દ્વારા રજૂ થયેલ પોસ્ટમાર્ટમ રીપોર્ટ તથા

મૃત્યુના કારણ સંબંધેનો ચોક્કસ પુરાવો આરોપીની આ ગુનામાં સંડોવણી હોવા સંબંધે પુરતો જણાતો નથી. તે સંજોગોમાં મરણજનારનુ મૃત્યુ ચોક્કસ ક્યા કારણથી થયેલુ છે તે સાબિત કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ રહેલ છે.

૮.) ફરીયાદપક્ષે આ કામે **સાહેદ નં. ર ફરિયાદી મનસુખભાઈ નાગરભાઈ મીતલીયાને આંક – ૨૦** થી સોગંદ ઉપર તપાસેલ છે. તેઓએ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, તેમના માતાનો બનાવ તા.૦૩/૦૬/૨૦૨૩ ના રોજ બનેલો. તેમને દિવસના બે વાગ્યાની આસપાસ પાળીયાદ તેમના ઘરની બાજુમાં રહેતા તેમના ભાભી લીલાબેનનો ફોન આવેલો અને જણાવેલ કે, તમો ઘરે આવો, તમારા ઘરનો દરવાજો બંધ છે અને દેકારો થાય છે. ત્યારબાદ તેઓએ તેમના ભાગીયા ભરતભાઈ ચતુરભાઈને ફોનથી સદર વાતની તાત્કાલિક જાણ કરેલી કે તમો ઘરે જાવ. ભરતભાઈએ ઘરે જઈ તેમને ફોન ઉપર જણાવેલ કે, *ભોગબનનારે દરવાજો નહી ખોલતા, તેમણે બાજુમાં આવેલ વંડી ઉપર ચડી જોયેલ તો ભોગબનનાર ખાટલામાં નિર્વસ્ત્ર પડેલ છે.* જેથી તેઓના કહેવાથી ભરતભાઈએ પોલીસને જાણ કરેલી. તેઓએ તેમના બેન મંજુબેનને ફોન કરી આ બાબતની જાણ કરેલી અને પાળીયાદ ઘરે જવા કહેલુ. *મંજુબેન પાળીયાદ ગયેલા ત્યારે ત્યાં પોલીસ આવેલ હોવાનું તેઓએ ફોનમાં જણાવેલ અને તથા બા નિર્વસ્ત્ર હાલતમાં ખાટલામાં પડેલ છે અને તેમના બંને હાથ દોરીથી બાંધેલા છે અને તેમને ગળે ટુપો આપવામાં આવેલ છે અને તેઓ મરણ ગયેલ છે તેવું મંજુબેને ફોનમાં જણાવેલું.* તેમના બેન મંજુબેને તેમને જણાવેલુ કે, આપણી બાજુમાં રહેતા કાકી જસુબેનને પુછતા જણાવેલુ કે, *હું બે વાગ્યાની આસપાસ જમીને બહાર એઠવાડો નાખવા આવેલ તો બાજુમાં રહેતો હરેશભાઈ વેલશીભાઈ ગાબુ તે તમારી વંડી ઠેકી નીચે ઉતરેલો અને હાથમાં તલવાર હતી, મને જોઈને જતો રહેલ.*

ત્યારબાદ તેઓ તેના પત્ની વડોદરાથી નિકળી પાળીયાદ આવેલા અને સરકારી દવાખાને પી.એમ. રૂમમાં ગયેલા. પી.એમ. રૂમમાં બા ની લાશ પડેલ હતી, જીભ બહાર નિકળી ગયેલ હતી અને ગળે ટુંપો દીધેલ હતો. બીજા દિવસે બા ને ખાનગી વાહનમાં પી.એમ. સારૂ ભાવનગર સરકારી દવાખાનામાં લઈ ગયેલા. ભાવનગર પી.એમ. થયા બાદ ડોક્ટરે તેમને

જણાવેલ કે, તમારા માતૃશ્રી સાથે બળાત્કાર થયેલ છે અને તેમને ગળે ટુંપો દીધેલ છે. ત્યારબાદ તેઓએ તેમના બા ના બનાવ અંગે આરોપી હરેશભાઈ વેલશીભાઈ ગાબુ સામે પાળીયાદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરેલ. સદરહુ ફરિયાદ તેઓને બતાવતાં, તેમાં ફરિયાદી પોતાની સહી ઓળખી બતાવી આંક – ૨૧ થી રજુ રાખેલ છે. સદરહુ ફરિયાદી આરોપીને નામદાર અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે.

૮.૧) બચાવપક્ષે થેયલી ઉલટતપાસમાં ફરિયાદીએ સ્વીકારેલ છે કે, તેઓ તા.૦૩/૦૬/૨૦૨૩ ના રોજ રાત્રિના સવા નવ વાગ્યાની આસપાસ પાળીયાદ પહોચેલા. તે દિવસે તેમને પોલીસને મળવાનુ થયેલુ. તેઓએ પોલીસને આ સમયે તેમને બનાવ હકીકત બાબતે જે જાણવા મળેલુ તે જણાવેલુ. તા.૦૩/૦૬/૨૦૨૩ ના રોજ પોલીસને તેઓએ કોઈ લેખિત ફરિયાદ આપેલ નથી. પોલીસે તે દિવસે તેમની કોઈ ફરિયાદ લેવાની છે તેવુ કહેલુ નહી. તા.૦૪/૦૬/૨૦૨૩ ના રોજ તેઓએ બપોરના ફરિયાદ આપેલી. પાળીયાદવાળા તેમના બા ના ઘરના ડેલાની જમણી બાજુ તેમના ભાભી લીલાબેનનુ મકાન આવેલ છે અને ડાબી બાજુ રસ્તો અને રસ્તા બાદ તેમના કાકી જસુબેનનુ મકાન આવેલ છે. તેમના મકાનની આજુબાજુમાં કોઈ સી.સી.ટી.વી. કેમેરા આવેલા નથી. તેમના ઘરની પાછળ આવેલ વંડીની ઉંચાઈ છ થી સાત ફુટ જેટલી છે. લીલાબેન અને જસુબેન તેમના સગા થાય છે અને તેઓ સાથે તેમને સારા સબંધ છે. તેમના બા ને કોઈ વ્યક્તિ સાથે વાંધા તકરાર ચાલતી હોય તેવુ બનેલ નથી. તેમની ડેલીની સામે પ્રજાપતિના મકાનો આવેલા છે. સૌથી પહેલા બનાવ બાબતની જાણ તેઓને લીલાબેન હરીભાઈએ કરેલી. આરોપી હરેશભાઈ વેલશીભાઈને તેઓ ઘણા સમયથી ઓળખે છે. હરેશભાઈના બાપુજીનો દીકરો તે તેમની જમીન વાવતો હતો. આરોપી હરેશભાઈ સાથે તેમને ક્યારેય કોઈ તકરાર થયેલ નથી. બનાવ બાબતે તેમને અંગત કોઈ જાત માહિતી નથી.

**<u>ફરિયાદીના પુરાવાનું મુલ્યાંકનઃ</u>**

૮.૨) ઉપરોક્ત ફરિયાદીની સમગ્રપણે જુબાની જોતાં તેઓ બનાવ સમયે વડોદરા ખાતે હતા અને તેઓના જણાવ્યા અનુસાર તેમના ભાભી લીલાબેનનો ફોન આવેલો અને તમારા ઘરનો દરવાજો બંધ છે તેવી હકીકત

જણાવતા ફરિયાદીએ પોતાના ભાગીયા ભરતભાઈ ચતુરભાઈને ઘરે મોકલેલા અને ભરતભાઈના જણાવ્યા અનુસાર દરવાજો બંધ હોય જેથી વંડી ઉપર ચડીને જોતા મરણજનાર ખાટલામાં નિર્વસ્ત્ર પડેલા હતા અને ત્યારબાદ ફરિયાદીએ તેમના બેન મંજુબેનને ફોન કરી આ બાબતની જાણ કરેલી. ત્યારે મંજુબેને જણાવેલ કે બા નિર્વસ્ત્ર હાલતમાં ખાટલામાં પડેલા છે અને તેમના બંને હાથ દોરીથી બાંધેલા છે અને આ મંજુબેનના જણાવ્યા અનુસાર તેમની બાજુમાં રહેલા કાકી જસુબેન દ્વારા જણાવવામાં આવેલ કે તેઓ બપોરે ૨ વાગ્યાની આજુબાજુ જમીને બહાર આવેલા ત્યારે આરોપી વંડી ઠેકીને નીચે ઉતરેલા અને તેના હાથમાં તલવાર હતી. ઉપરોક્ત હકીકત સંબંધે ફરિયાદીના જણાવ્યા અનુસાર તેઓ તા.૦૩/૦૬/૨૦૨૩ ના રોજ આ બનાવ બનેલ હોવા છતા પોલીસને કોઈ લેખિત ફરિયાદ આપેલ નથી. પરંતુ તા.૦૪/૦૬/૨૦૨૩ ના રોજ બપોરે ફરિયાદ આપેલી. તે સંજોગોમાં ફરિયાદીએ શા માટે એક દિવસ મોડી ફરિયાદ આપેલી છે તેનુ કોઈ કારણ ફરિયાદમાં જણાવેલ નથી. ફરિયાદીના જણાવ્યા અનુસાર આરોપી તેમની જમીન વાવતો હતો અને આરોપી સાથે ક્યારેય પણ તકરાર થયેલી નથી અને આ બનાવ અંગે તેઓને કોઈ જાત માહિતી નથી. તે સંજોગોમાં ફરિયાદી દ્વારા માત્ર સાંભળેલી હકીકતોના આધારે આંક – ૨૧ વાળી ફરિયાદ આપવામાં આવેલી છે અને અન્ય સાહેદોના જણાવવાથી આ કામના આરોપી બનાવ તારીખે બપોરે ૨ વાગ્યે વંડી ઠેકીને નીચે ઉતરેલાની અને હાથમાં તલવાર હોવાની હકીકત જણાવેલ છે. તે સિવાય ફરિયાદીએ જાતે કોઈ હકીકત જોઈ હોય તેવુ જણાતુ નથી અને આ બનાવના ચોક્કસ કારણ અંગે પણ ફરિયાદીએ તેઓની જુબાનીમાં કોઈ હકીકત જણાવેલ નથી. તે સંજોગોમાં ફરિયાદીની જુબાની જોતા તેઓને આ બનાવ અંગે કોઈ વિશેષ માહિતી હોવાનુ પુરવાર થતુ નથી અને ફરિયાદી સાહેદ જસુબેન રાજાભાઈ તથા મંજુબેન ગોરધનભાઈ દ્વારા જણાવેલી હકીકતોના આધારે આરોપીની આ ગુનામાં સંડોવણી હોવાનુ માનેલ છે. પરંતુ આ બંને સાહેદોની જુબાની જોતા તેઓને બનાવ અંગે કોઈ માહિતી હોય તેવુ પુરવાર થતુ નથી. તે સંજોગોમાં આ બંને સાહેદોએ જે હકીકત ફરિયાદીને જણાવેલ છે તે સંબંધે કોઈ આધારભુત પુરાવો પ્રાપ્ત થતો નથી.

૯.) ફરીયાદપક્ષે આ કામે **સાહેદ નં. ૩ પંચ જસુબેન રાજાભાઈ મીતલીયાને આંક – ૨૨** ને સોગંદ ઉપર તપાસેલાં છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, ભોગબનનાર તેમના જેઠાણી થાય છે. તેમના જેઠાણીનો બનાવ બન્યો તેને આઠ નવ મહિના થયેલ છે. તેઓ બપોરે બે વાગ્યે જમીને એઠવાડ નાખવા નિકળેલી ત્યારે હરેશ ગાબુ ભોગબનનારના ઘરની દીવાલ ટપીને બહાર શેરીમાં નિકળેલો અને તેના હાથમાં તલવાર હતી. ત્યારબાદ તે જતો રહેલો અને તેઓ પણ ઘરમાં જતા રહેલ. ત્યારબાદ ભોગબનનારના ઘર પાસે દેકારો થતાં તેઓ બહાર જોવા નિકળેલ તો ત્યાં શેરીમાં ઘણા માણસો હતાં, જેમાં તેમના જેઠની દીકરી મંજુબેન તથા તેમનો ભત્રીજો હરજીવન હતો. તેમના જેઠાણીના ઘરનો દરવાજો બંધ હતો અને પોલીસવાળા આવી ગયેલા અને તેઓએ દરવાજો ખોલેલો. ત્યારબાદ તેઓ અંદર ગયેલા. તેમણે ફળીયામાં ઉભા રહીને તેમના જેઠાણીને જોયેલા, તેઓ ખાટલામાં નિર્વસ્ત્ર હાલતમાં હતા અને મરણ ગયેલ હતાં. ભોગબનનારને પી.એમ. કરવા દવાખાને લઈ ગયેલા. ભોગબનનારને ગળાફાંસો આપવામાં આવતા તેઓ મરણ ગયેલા. ભોગબનનારની લાશ તેમણે જોયેલી અને લાશનું પંચનામુ પોલીસે કરી તેમની પુછપરછ કરેલી. સદરહુ સાહેદ આરોપીને નામદાર અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે. વધુમાં, સદરહુ સાહેદને આરોપી પાસેથી કબજે લીધેલ મુદ્દામાલ તલવાર નામદાર અદાલત રૂબરૂ બતાવતા તે તેઓ ઓળખી બતાવે છે. સાહેદને ઈન્કવેસ્ટ પંચનામુ બતાવતાં તેમાં પોતાના અંગુઠાનું નિશાન ઓળખી બતાવી, આંક – ૨૩ થી રજુ રાખેલ છે. તેમજ તેઓએ બોટાદ કોર્ટમાં અગાઉ જજ સાહેબે તેમની પુછપરછ કરી નિવેદન લીધેલું. જે સી.આર.પી.સી. કલમ–૧૬૪ મુજબનું નિવેદન તેઓને બતાવતાં, તેમાં પોતાના અંગુઠાનુ નિશાન ઓળખી બતાવી, આંક–૨૪ થી રજુ રાખેલ છે.

૯.૧) બચાવપક્ષે થેયલી ઉલટતપાસમાં સાહેદે સ્વીકારેલ છે કે, તેણીએ જે એઠવાડ નાંખવાની વાત જણાવેલી તે ત્રણ તારીખ હતી, ચોક્કસ મહિનો હાલ તેમને યાદ નથી. તેણી એઠવાડ નાખવા શેરીમાં નિકળી ત્યારે ત્યાં તેણી સિવાય બીજી કોઈ વ્યક્તિ ન હતી. તેણીને દિશામાં ખબર પડે છે. તેણીએ જે દીવાલ વિશે જણાવેલ છે તે દીવાલ પછી બજાર આવે છે અને પછી મકાનો આવે છે. શેરીમાં આજુબાજુમાં કોઈ સી.સી.ટી.વી. કેમેરા લાગેલા

હોય તેવુ બનેલ નથી. તેણીએ જે ઈસમને જોયેલો તેને પાછળથી જોયેલો. તેણીએ ઈસમને પાછળથી જોયેલ હોય જેથી તે ઈસમ ચોક્કસ કઈ વ્યક્તિ હતી તે તેણી કહી શકે નહી. તેણીએ કોર્ટ રૂબરૂના નિવેદનમાં પણ કોઈ વ્યક્તિનુ નામ જણાવેલ નથી અને ફક્ત "એક ઈસમ" તેવો ઉલ્લેખ કરેલ છે. તેણીએ તેમના અંગુઠા સિવાય પોલીસને કાંઈ જણાવેલુ નહી.

**<u>આરોપીને નજરે જોનાર તથા ઈન્કવેસ્ટ પંચનામાના સાહેદના પુરાવાનું મુલ્યાંકનઃ</u>**

૯.૨) ઉપરોક્ત સાહેદની સમગ્રપણે જુબાની જોતાં તેઓના જણાવ્યા અનુસાર બનાવ સમયે તેઓ બપોરે ૨ વાગ્યે જમીને એઠવાડ નાખવા બહાર નિકળેલા ત્યારે આરોપી મરણજનારના ઘરની દીવાલ ટપીને બહાર શેરીમાં નિકળતો હતો અને તેના હાથમાં તલવાર હતી અને આ સાહેદને બીક લાગતા તેઓએ આ બનાવ અંગે કોઈને વાત કરેલી નહી. આ સાહેદના જણાવ્યા અનુસાર પોલીસે મરણજનારના ઘરનો દરવાજો ખોલતા તેઓ અંદર ગયેલા અને મરણજનારના ફળીયામાં ઉભા રહી જોયેલ ત્યારે તેઓ નિર્વસ્ત્ર હાલતમાં હતા અને મરણ પામેલ હતાં. આરોપી તરફે થયેલી ઉલટતપાસ જોતા આ સાહેદના જણાવ્યા અનુસાર તેઓએ જે વ્યક્તિને જોયેલો તેને પાછળથી જોયલ. તે ચોક્કસ કઈ વ્યક્તિ હતી તે કહી શકે તેમ નથી. તે સંજોગોમાં આ સાહેદે આરોપીને બનાવ સમયે હાથમાં તલવાર સાથે મરણજનારની દીવાલ ટપીને શેરીમાં જતા જોયેલ હોય તેવી કોઈ હકીકત પુરવાર થતી નથી. વિશેષમાં સદરહુ સાહેદનુ સી.આર.પી.સી. કલમ – ૧૬૪ હેઠળનુ નિવેદન જોતા તેઓના જણાવ્યા અનુસાર બનાવના દિવસે તેઓ બપોરના સમયે એઠવાડ નાખવા ઘરની બહાર નિકળેલા ત્યારે એક ઈસમ દીવાલ ઉપરથી ઠેકડો મારીને ઉતરતો હતો અને તેઓને બીક લાગતા આ સાહેદ ઘરની અંદર જતા રહેલા. તે સંજોગોમાં આ સાહેદે આ કામના આરોપીને તલવાર સાથે મરણજનારના ઘરની દીવાલ ટપીને ઉતરતા જોયેલા હોય તેવી કોઈ હકીકત આંક – ૨૪ વાળા નિવેદન પરથી પુરવાર થતી નથી. વિશેષમાં આ સાહેદના જણાવ્યા અનુસાર તેઓએ મરણજનારની લાશ પણ જોયેલ નથી અને તેણી કઈ રીતે ગુજરી ગયેલા તેની પણ તેઓને કોઈ માહિતી નથી. તે સંજોગોમાં આ સાહેદે આરોપીને જોયેલ હોય કે મરણજનારને જોયેલ હોય તેવી કોઈ હકીકત તેઓની કોર્ટ રૂબરૂની જુબાની તેમજ સી.આર.પી.સી. કલમ – ૧૬૪ હેઠળના

નિવેદન અન્વયે પુરવાર થતી નથી.

૧૦.) ફરીયાદપક્ષે આ કામે **સાહેદ નં. ૪ મંજુબેન ગોરધનભાઈ જાંજરૂકીયાને આંક – ૨૫** ને સોગંદ ઉપર તપાસેલાં છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, ભોગબનનાર તેમના માતા થાય છે. તેમના માતૃશ્રીનો જે બનાવ બન્યો તેને દસ મહિના જેટલો સમય થયેલ છે. તેમના ભાઈ મનસુખભાઈનો વડોદરાથી બપોરના ચારેક વાગ્યે ફોન આવેલ અને જણાવેલ કે, બા ની તબીયત સારૂ નથી જેથી તમે પાળીયાદ જાવ અને તેમા ભાભી લીલાબેનનો તેમના ભાઈ ઉપર ફોન આવેલો અને જણાવેલ કે, ભોગબનનાર અંદર છે અને દરવાજો ખોલતા નથી. તેમના ભાઈનો ફોન આવતા તેઓ પાળીયાદ પહોચેલ. પાળીયાદ પહોચતા જોયેલ તો તેમના ઘરની પાસે ઘણા લોકો ઉભેલ હતા અને પોલીસ પણ આવી ગયેલ હતી. *પોલીસે દરવાજો ખોલતા તેઓ અંદર ગયેલ અને જોયેલ તો તેમના બા નિર્વસ્ત્ર હાલતમાં ખાટલામાં સુતા હતાં. તેમના બા ના હાથ દોરીથી બાંધેલા હતા અને તેમને ગળા ફાંસો દીધેલ હતો.* તેમના કાકી જસુબેન રાજાભાઈ ત્યા આવેલા અને તેઓએ જણાવેલ કે, *તેઓ એઠવાડ નાખવા બપોરના બહાર આવેલ તો હરેશભાઈ વેલશીભાઈ ગાબુ તેમના ઘરની દીવાલથી નીચે પડેલ હતાં અને તેઓના હાથમાં તલવાર હતી* અને તેઓ બી ગયેલ હોય અંદર જતા રહેલા અને હરેશ ગાબુ પણ ત્યાંથી જતો રહેલો. ત્યારબાદ તેમના બા ને પાળીયાદ સરકારી દવાખાને લઈ ગયેલા. તેમના ભાઈ મનસુખભાઈ, જમાઈ શામજીભાઈ આવેલા અને તેઓ તેમના બા ને ભાવનગર લઈ ગયેલા. ભાવનગર સરકારી દવાખાનામાં તેમના બા ની લાશનું પી.એમ. કરેલું. તેમના ભાઈએ તેમને જણાવેલ કે, પી.એમ. રીપોર્ટમાં બા સાથે બળાત્કાર થયેલ હોવાનું અને તેઓને ગળે ટુપો દીધેલ હોવાનું આવેલ છે. સદર બનાવની ફરિયાદ તેમના ભાઈએ આપેલી.

૧૦.૧) બચાવપક્ષે થેયલી ઉલટતપાસમાં સાહેદે સ્વીકારેલ છે કે, તેમના ભાઈ સાથે વાતચીત થયેલી ત્યારે ફરિયાદ કોણ આપશે તેવુ નક્કી થયેલુ નહી. તેઓ પાળીયાદ પહોચ્યા અને ઘર પાસે પોલીસ આવેલ ત્યારે પોલીસે તેમની પુછપરછ કરેલી. પોલીસે તેમની બનાવના દિવસ પછી ત્રણ થી ચાર વખત પુછપરછ કરેલી. તેમના ઘરની દીવાલ આશરે આઠ સાડા આઠ ફુટ જેટલી ઉંચી હશે.તેમના ઘરની દીવાલથી કોઈ વ્યક્તિ નીચે પડે તો તેને

વાગે ખરા. સાહેદ જણાવે છે કે, હાથ પગ પણ ભાંગી જાય. જસુબેન રાજાભાઈ તે તેમના સગા કાકી થાય છે અને તેઓ સાથે તેમને સારા સબંધ છે.

**<u>મરણજનારની પુત્રીના પુરાવાનું મુલ્યાંકનઃ</u>**

**૧૦.૨)** ઉપરોક્ત સાહેદની સમગ્રપણે જુબાની જોતાં તેઓના જણાવ્યા અનુસાર આ બનાવ સમયે તેમના ભાઈ મનસુખભાઈનો વડોદરાથી ફોન આવેલો અને જણાવેલ કે બા ની તબિયત સારી નથી જેથી તમે પાળીયાદ જાઓ. તે સંજોગોમાં ફરિયાદીએ હાલના સાહેદને મરણજનાર મૃત્યુ પામેલ છે કે તેઓ ઘરનો દરવાજો ખોલતા નથી તેવી કોઈ હકીકત ફોન ઉપર જણાવેલ નથી. વિશેષમાં, આ સાહેદના જણાવ્યા અનુસાર પોલીસે ઘરનો દરવાજો ખોલતા તેઓ અંદર ગયેલા ત્યારે તેમના બા નિર્વસ્ત્ર હાલતમાં ખાટલામાં સુતેલા હતા અને તેમના હાથ દોરીથી બાંધેલ હતાં અને તેમને ગળેફાસો દીધેલ હતો. આ કામે આંક – ૨૩ અન્વયેનું ઈન્કવેસ્ટ પંચનામુ જોતા મરણજનારના હાથ દોરીથી બાંધેલ હોય તેવી કોઈ હકીકત જણાતી નથી. વિશેષમાં, આ સાહેદના જણાવ્યા અનુસાર તેમના કાકી જસુબેન રાજાભાઈનાઓ ત્યાં આવેલા અને તેઓએ જણાવેલ કે તેઓ બપોરના એઠવાડ નાખવા બહાર આવેલા ત્યારે આરોપી ઘરની દીવાલથી નીચે પડેલો હતો અને તેમના હાથમાં તલવાર હતી અને તેઓ ડરી ગયેલ હોય અંદર જતા રહેલા અને આરોપી પણ જતો રહેલો. પરંતુ સાહેદ જસુબેન રાજાભાઈની આંક – ૨૨ અન્વયેની જુબાની જોતા તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ જે ઈસમને જોયેલો તેને પાછળથી જોયેલો અને ચોક્કસ કોણ હતુ તે કહી શકે તેમ નથી. તે સંજોગોમાં સાહેદ જસુબેન રાજાભાઈએ હાલના સાહેદને આરોપીની બનાવ સ્થળે હાજરી સંબંધે કે તેઓના હાથમાં તલવાર હોવા સંબંધે કોઈ હકીકતો જણાવેલ હોય તેવુ પુરવાર થતુ નથી અને માત્ર સાંભળેલી હકીકતોના આધારે હાલના આરોપીનુ નામ કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવેલ હોય તેવુ પુરવાર થાય છે.

**૧૧.)** ફરીયાદપક્ષે આ કામે **સાહેદ નં. ૫ પંચ અનોપભાઈ કાળુભાઈ પઢીયારને આંક – ૨૬** ને સોગંદ ઉપર તપાસેલાં છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તેઓ પાળીયાદ ગામે બનાવવાળી જગ્યા પાસે આવેલ રોડથી નજીક બેઠા હતા ત્યારે પોલીસે તેમને તૈયાર લખેલ કાગળમાં સહી કરવાનુ

કહેતા તેઓએ સહી કરી આપેલી. તેમણે બનાવવાળી જગ્યાએ એક ઉમર લાયક બહેનની લાશ કપડા વગર ખાટલા ઉપર પડેલ જોયેલ હતી, જે કુંભાર જ્ઞાતિના હતાં. તેઓનો પગ ખાટલાથી નીચે લટકતો હતો અને બીજો પગ ખાટલા ઉપર હતો. તેઓને આ કામે રજુ બનાવવાળી જગ્યાનુ પંચનામુ બતાવતાં, તેમા પંચ નં. ૧ તરીકે પોતાની સહી ઓળખી બતાવી, સદર પંચનામુ આંક – ૨૩ થી રજુ રાખેલ છે.

**૧૧.૧)** બચાવપક્ષે થેયલી ઉલટતપાસમાં સાહેદે સ્વીકારેલ છે કે, પંચનામામાં પોલીસે શુ લખેલ હતુ તે તેમણે વાંચેલુ નહી, ફક્ત સહી કરેલી.

**<u>ઈન્કવેસ્ટ પંચનામાના પંચસાહેદના પુરાવાનુ મુલ્યાંકનઃ</u>**

**૧૧.૨)** ઉપરોક્ત સાહેદની સમગ્રપણે જુબાની જોતાં તેઓ આંક – ૨૩ વાળા પંચનામા સંબંધે કોઈ વિશેષ હકીકતો જાણતા હોય તેવુ જણાતુ નથી અને પોલીસે માત્ર તૈયાર લખેલ કાગળમાં તેઓને સહી કરવાનુ કહેતા ફક્ત સહી કરેલી અને ગુજરનાર વ્યક્તિ કોણ હતા તેની પણ આ સાહેદને ખબર નથી. પરંતુ એક બેનની લાશ કપડા વિના ખાટલા પર પડેલ હતી તેવી હકીકત આ પંચસાહેદે જણાવેલ છે. તે સંજોગોમાં આંક – ૨૩ વાળુ પંચનામુ શંકારહિત સાબિત કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ રહેલ છે.

**<u>અન્ય સાહેદોના પુરાવાનુ મુલ્યાંકનઃ</u>**

**૧૨.)** ફરીયાદપક્ષે આ કામે **સાહેદ નં. ૬ હરજીવનભાઈ મગનભાઈ મીતલીયાને આંક – ૨૭** ને સોગંદ ઉપર તપાસેલાં છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ તા.૦૩/૦૬/૨૦૨૩ ના રોજ બનેલો. તે દિવસે તેઓ બપોરના સમયે ઘરે હતા અને વાડીએ જવા માટે નિકળેલા ત્યારે તેમના કાકી જસુબેન તથા લીલાબેન દરવાજા આગળ ટોળું વળીને ઊભા હતા, જેથી તેમણે પૂછેલું કે શું થયું છે? તો તેઓએ કહેલું કે ધનીમાને દરવાજો ખખડાવવા છતાં ખોલતા નથી. ત્યારે જસુકાકીએ તેમને કહેલું કે હું એઠવાડ નાખવા માટે બહાર જતી હતી ત્યારે દીવાલ ઉપરથી હરેશને નીચે પડતો જોયેલો અને હાથમાં તલવાર હતી. ત્યારબાદ તેમણે આજુબાજુમાં તપાસ કરતા ભરવાડના બે માણસો રાયાભાઈ તેજાભાઈ તથા રણછોડભાઈ વાલાભાઈ બંને મળેલા અને તેઓને પૂછેલું કે તમે હરેશને જોયો છે? ત્યારે તેઓએ કહેલું કે હા, અહીંયાથી તલવાર લઈને તે નીકળેલો છે અને આ દરવાજો તેઓએ ન ખોલતા ભરતભાઈ અને તેઓ પોલીસ સ્ટેશન ગયેલા અને

પોલીસ થોડીકવારમાં આવી ગયેલી. આ મકાનનો દરવાજો ખૂલતો ન હોય ભરતભાઈને દીવાલ ઉપર જોવા માટે મોકલેલા. ત્યારે તેઓએ જોયેલું કે ધનીમા નિર્વસ્ત્ર પોઝીશનમાં ખાટલા પર જોવા મળેલા અને ત્યારબાદ તેઓએ પોલીસની રૂબરૂમાં દરવાજો ખોલતા ખાટલામાં ધનીબેન નિર્વસ્ત્ર જોવા મળેલા અને તેમના ગળામાં ખાટલાના પાયેથી વીંટાળેલી ચુંદડી હતી અને જીભ બહાર નિકળી ગયેલી હતી. ત્યારબાદ સરકારી હોસ્પિટલમાંથી બિહારી સાહેબને તપાસ માટે બોલાવેલા અને તેઓએ કહેલું કે આ ગુજરી ગયા છે અને પી.એમ. (પોસ્ટમોર્ટમ) માટે ભાવનગર જવું પડશે. જેથી તેઓ તથા બીજી ત્રણ બહેનો હોસ્પિટલે ગયેલા અને ત્યારબાદ મનસુખભાઈ તથા તેમના વાઇફ પ્રવીણાબેન મોડેથી આવેલા. તેમના બનેવી શામજીભાઈ તથા મનસુખભાઈ હોસ્પિટલેથી પરત આવેલા ત્યારે તેઓએ જણાવેલું કે આ ધનીબેન રેપ અને ગળું દબાવવાના કારણે મરણ પામેલા છે તેવું ડોક્ટર સાહેબે કીધેલું. સદરહુ સાહેદ આરોપીને નામદાર અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે.

**૧૨.૧)** બચાવપક્ષે થેયલી ઉલટતપાસમાં સાહેદે સ્વીકારેલ છે કે, બનાવ બન્યા બાદ તેઓ અને ગુજરનારના ભાગ્યા ભરતભાઈ જેઓનુ તેમને આખુ નામ આવડતુ નથી બંને પોલીસને જાણ કરવા માટે ગયેલા. તેઓ બપોરે આશરે ચારેક વાગ્યે પોલીસ સ્ટેશને ગયેલા. ભરતભાઈએ પોલીસને સૌપ્રથમ જાણ કરેલી. સૌપ્રથમ ભરતભાઈ એ પોલીસને જણાવેલુ કે ગુજરનાર નિર્વસ્ત્ર હાલતમા પડેલા છે અને દરવાજો ખોલતા નથી અને જવાબ આપતા નથી. તેઓએ બનાવ સમયે પોલીસ આવી ત્યારે મનસુખભાઈને બનાવની જાણ કરેલી. તેઓ તે સમયે વડોદરા હતા. તેઓ ફરીયાદીને ઘણા વર્ષોથી ઓળખે છે અને તેઓ બંને કુટુંબીઓ છે અને તેઓની સાથે સારા સબંધ છે. તેઓએ બનાવ નજરે જોયેલો નથી. સવાલ–તમે સાંભળેલી હકીકત જણાવેલી છે? જવાબ– તેઓએ બનાવ બાદ દરવાજો ખોલ્યો ત્યારે જાણ થયેલી. જસુબેન તેમના કાકી છે. જસુબેનને પોલીસ મળી ત્યારે તેઓ સાથે ન હતા. તેઓ જસુબેનને મળેલા ત્યારે તેવુ જણાવેલુ કે, ગુજરનાર દરવાજો ખોલતા નથી અને બોલતા નથી. તે સમયે પોલીસ તેઓને મળી ત્યારે ઘણા બધા માણસો હાજર હતા અને અનુકુળ હોય તેને પોલીસ પુછપરછ કરતી હતી. આરોપી તેમના ગામના હોય તેને તેઓ બનાવ પહેલેથી ઓળખતા હતા.

**૧૨.૨)** ઉપરોક્ત સાહેદની સમગ્રપણે જુબાની જોતાં તેઓના જણાવ્યા અનુસાર આ કામના સાહેદ જસુબેનનાઓએ બનાવ સમયે જ્યારે મરણજનારના ઘરની પાસે લોકો ટોળુ વળીને ઉભા હતા ત્યારે જણાવેલ કે, તેણી એઠવાડ નાખવા બહાર જતી હતી ત્યારે દીવાલ ઉપરથી આરોપીને નીચે પડતા જોયેલો અને તેના હાથમાં તલવાર હતી. વધુમાં આ સાહેદે જણાવેલ છે કે, રાયાભાઈ તેજાભાઈ તથા રણછોડભાઈ વીહાભાઈ તેઓને મળેલા અને તેઓને પુછતા આ બંને જણે જણાવેલ કે, આરોપી તલવાર લઈને અહીયાથી નિકળેલો છે. જો કે આ સાહેદના જણાવ્યા અનુસાર આ બનાવ તેઓએ નજરે જોયેલ નથી. આ સાહેદના જણાવ્યા અનુસાર તેઓ સાહેદ જસુબેનને મળેલા ત્યારે તેઓએ જણાવેલ કે મરણજનાર દરવાજો ખોલતા નથી અને બોલતા નથી. પરંતુ જસુબેનની સમગ્રપણે જુબાની જોતા તેઓ ઘણી વિરોધાભાસી હકીકતો જણાવે છે અને કોર્ટ રૂબરૂ આપેલ વિશેષ નિવેદનમાં તેઓએ જાહેર કરેલ છે કે, મરણજનાર કઈ રીતે ગુજરી ગયેલા તેની તેઓને ખબર નથી અને તેમની લાશ પણ તેઓએ જોયેલ નથી. તે સંજોગોમાં આ સાહેદ દ્વારા માત્ર સાંભળેલી હકીકતોના આધારે હાલનો આરોપી બનાવ સમયે મરણજનારના ઘરની વંડી ટપીને નીચે પડતો હતો અને હાથમાં તલવાર હતી તે હકીકત અન્ય સાહેદોના જણાવ્યાથી કોર્ટ રૂબરૂ જાહેર કરેલ છે અને આ સાહેદની જુબાનીના આધારે અન્ય સાહેદોની જુબાની જોતા આરોપીને સજા કરી શકાય તેવો કોઈ પુરાવો પ્રાપ્ત થતો નથી. તેમજ આરોપીની બનાવ સમયે મરણજનારના ઘરે હાજરી હોય તેવુ પણ ફરિયાદપક્ષ શંકારહિત પુરવાર કરી શકેલ નથી.

**૧૩.)** ફરીયાદપક્ષે આ કામે **સાહેદ નં. ૭ તેજાભાઈ રાયાભાઈ ડાંગરને આંક – ૨૮** થી સોગંદ ઉપર તપાસેલાં છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ આશરે વર્ષ થી દોઢ વર્ષ પહેલા બપોરે બે વાગ્યા ના આશરે બનેલો. તેઓ તે સમયે તેમના કાકાનો છોકરો હરેશભાઈ વાલજીભાઈ જોગવા અને તેઓ દુધની ડેરીએ બેઠા હતા. તે સમયે હરેશભાઈ પ્રજાપતિ તલવાર લઈને આવેલા અને જ્યા બેઠા હતા ત્યાથી તેના ઘર તરફ જતા હતા. તેમને બીજા દીવસે જાણવા મળેલુ કે ધની માં નો બળાત્કાર થયેલો અને આ હરેશભાઈએ ધની માં ને ગળકી દબાવી દીધેલી અને તેની સાથે દુષ્કર્મ કરેલુ. આરોપીને તેઓ નામદાર અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે.

સદરહુ સાહેદ ફરિયાદની હકીકતોને સમર્થનકારી પુરાવો રજુ રાખતા ન હોય એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરી, ઉલટતપાસ કરવાની પરવાનગી માંગતા, જે અન્વયે મંજુરી આપી ઉલટતપાસ કરતાં તેમાં તેઓએ જણાવેલ છે કે, તા.૧૫/૦૬/૨૦૨૩ ના રોજ તેમને બોટાદ ખાતે જજ સાહેબ પાસે લઈ જવામાં આવેલ, ત્યા જજ સાહેબે તેમની પુછપરછ કરેલી જેમા તેમણે બનાવ વિશે જણાવેલુ. સદરહુ સાહેદને સી.આર.પી.સી. કલમ– ૧૬૪ મુજબનું નિવેદન બતાવતાં, તેમાં પોતાની સહી ઓળખી બતાવી, આંક – ૨૯ થી રજુ રાખેલ છે. સદરહુ સાહેદ આરોપીને નામદાર અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે.

**૧૩.૧)** બચાવપક્ષે થેયલી ઉલટતપાસમાં સાહેદે સ્વીકારેલ છે કે, સદર ડેરી જાહેર રોડ પર આવેલી છે અને ત્યા બીજા પણ વાહનો અને ડ્રાઈવરો વિગેરે લોકો બેસે છે. સાહેદ જણાવે છે કે તે સમયે બીજા કોઈ ન હતા. તેઓ દુધની ડેરીની બહાર છેલ્લા દોઢ વર્ષથી બેસે છે. ડેરીમાં ઘણા બધા માણસો દુધ દેવા આવતા હોય છે. ડેરીથી ધની માંનુ ઘર ચારસો ફુટ દુર આવેલુ છે. બનાવ તેઓએ નજરે જોયેલો નથી. સદરહુ બનાવ અંગે મનસુખભાઈએ તેમને જણાવેલુ. બનાવ પછી તેમને પોલીસને મળવાનુ થયુ હતુ અને પોલીસે તેમની પુછપરછ કરેલી. તેમની પુછપરછ કરેલી ત્યારે હરેશભાઈની પુછપરછ પોલીસે કરેલી. તેઓ બંનેને એક સાથે પોલીસે પુછેલુ. પોલીસે શુ લખેલુ તેની તેમને ખબર નથી. તેમને પોલીસે વાંચી સંભળાવેલુ નહી.

**૧૩.૨)** ઉપરોક્ત સાહેદની સમગ્રપણે જુબાની જોતાં તેઓના જણાવ્યા અનુસાર તેઓ તથા હરેશભાઈ વાલજીભાઈ દુધની ડેરીએ બેઠા હતા ત્યારે આરોપી તલવાર લઈને આવેલો અને તેના ઘર તરફ જતો હતો. આરોપીપક્ષ તરફે થયેલી ઉલટતપાસ જોતા આરોપીએ તે સમયે કેવા કલરના કપડા પહેરેલા હતા તે પણ આ સાહેદ જણાવી શકતા નથી અને આરોપી શા કારણે તલવાર લઈને નિકળેલો તે અંગેની કોઈ હકીકતો આ સાહેદે સી.આર.પી.સી. કલમ – ૧૬૪ હેઠળના નિવેદન તેમજ કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવેલ નથી. તે સંજોગોમાં આ સાહેદની જુબાનીના આધારે આરોપીને સજા કરી શકાય તેવો કોઈ પુરાવો પ્રાપ્ત થતો નથી અને આ સાહેદ બનાવ સંબંધેની કોઈ હકીકતો જાણતા હોય તેવુ પુરવાર થતુ નથી.

૧૪.) ફરીયાદપક્ષે આ કામે **સાહેદ નં. ૮ હરેશભાઈ વાલાભાઈ**

**જોગહવાને આંક – ૩૦** ને સોગંદ ઉપર તપાસેલાં છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ તા.૦૩/૦૬/૨૦૨૩ ના રોજ બનેલો છે. બનાવ વખતે તેઓ અને તેજાભાઈ રચાભાઈ ડાંગર દુધની ડેરી પાસે ઓટલો આવેલ છે ત્યા બપોરના બે વાગ્યે બેઠા હતા તે સમયે હરેશભાઈ વેલશીભાઇ ગાબુ હાથમાં તલવાર લઈને પ્રજાપતિની શેરીમાંથી નિકળેલ હતો અને તેઓ બેસેલ હતા તેની બાજુમાં થઇને તેના ઘર બાજુ રોડ ઉપર થઇને ગયેલ હતો. ત્યારબાદ તેઓ બીજા દિવસે મનસુખભાઇ પ્રજાપતિના ઘરે બેસવા ગયેલા હતા અને મનસુખભાઈએ તેઓને વાત કરેલી કે આ હરેશ વેલશીભાઈએ ધનીબેન નાગરભાઈ ઉપર બળાત્કાર કરેલ અને ગળાટુપો દઈને હત્યા કરેલ છે તેવું જણાવેલ. સદરહુ સાહેદ આરોપીને નામદાર અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે.સદરહુ સાહેદને મુદ્દામાલ તલવાર બતાવતાં તે તેઓ ઓળખી બતાવે છે.

**૧૪.૧)** બચાવપક્ષે થેયલી ઉલટતપાસમાં સાહેદે સ્વીકારેલ છે કે, ફરિયાદીના ઘરે સારા નરસા પ્રસંગે તેમને આવા જવાનું થતું હતું. સરકારી ગોડાઉન પાસે કોઈ સી.સી.ટી.વી. કેમેરા નથી. તેઓ અને તેજાભાઈ સિવાય બીજા કોઈ બેસેલા ન હતા. સદરહુ જગ્યાએ ઘણા ડ્રાઈવરો ગાડી ઉભી રાખે છે અને પેસેન્જરો લઈ જાય છે. આ ગોડાઉન પાસે ઘણા બધા વાહનો ઉભા હોય છે. ગોડાઉનથી પ્રજાપતિ શેરી ૩૦૦ થી ૪૦૦ મીટર દૂર આવેલી છે. તેઓએ આ શેરીવાળો વિસ્તાર જોયેલો છે. આ વિસ્તારમાં ઘણી શેરીઓ આવેલી છે તેથી આ વ્યક્તિઓ કઈ શેરીમાંથી ક્યાં નિકળેલ તે કહી શકાય નહીં. તેઓએ જે વ્યક્તિને જોયેલ તેને દુરથી જોયેલ. સદર વ્યક્તિએ લાલ જેવો શર્ટ અને વ્હાઈટ જેવું પેન્ટ પહેરેલું હતું. પોલીસ બનાવના બીજા દિવસે તેઓને મળેલ. ત્યારબાદ પોલીસે ફરી ક્યારેય તેમની પૂછપરછ કરેલી નથી. પોલીસે ૪ તારીખે તેમની પૂછપરછ કરેલી. પોલીસે શું લખેલું તે તેમણે વાંચેલું નહીં. તેઓ ત્યાં બેઠા હતા ત્યાંથી પ્રજાપતિ શેરીની અંદર જોઈ શકાય નહીં. સાહેદ જણાવે છે કે કોઈ માણસ નિકળે તો ખબર પડે.

**૧૪.૨)** ઉપરોક્ત સાહેદની સમગ્રપણે જુબાની જોતાં તેઓના જણાવ્યા અનુસાર બનાવ તારીખે તેઓ બપોરે ૨ વાગ્યે તેજાભાઈ રચાભાઈ સાથે દુધની ડેરી પાસે બેઠા હતા ત્યારે આરોપી હાથમાં તલવાર લઈને નિકળેલો. પરંતુ આ સાહેદની ઉલટતપાસ જોતા તેઓના જણાવ્યા અનુસાર તેઓએ જે વ્યક્તિને

જોયેલો તેને આઘેથી જોયેલો અને આ વ્યક્તિએ લાલ જેવો શર્ટ અને વ્હાઈટ તેવુ પેન્ટ પહેરેલુ હતું. તપાસ કરનાર અમલદારશ્રી દ્વારા આ કામે આરોપીના બનાવ સમયે પહેરેલા કપડા કબજે લેવામાં આવેલા છે જેમાં લીલા કલરનો આછા પીળા કલરના પાંદડા વાળો શર્ટ તેમજ કાળા કલરનુ મેલા જેવુ પેન્ટ કબજે લીધેલ છે. તે સંજોગોમાં આ સાહેદે ખરી હકીકતે આરોપીને જોયેલ છે કે કેમ તે શંકાસ્પદ હકીકત જણાય છે.

**૧૫.)** ફરીયાદપક્ષે આ કામે **સાહેદ નં. ૯ રણછોડભાઈ ગાંડાભાઈ બારૈયાને આંક – ૩૧ થી** સોગંદ ઉપર તપાસેલાં છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, જે ધનીબેનનો બનાવ બન્યો તેને સવા વરસ જેટલો સમય થયેલ છે. બનાવ બપોરે બે વાગ્યે બનેલો. તેઓ અલ્કેશભાઈના ધાબા પર ગયેલા અને નીચે આવેલ ધનીબેનના ઘરે જોયું તો હરેશ વેલા નાતે કોળી ત્યા હતો. તે ત્યાં ઉભો હતો તે જોયુ હતું અને તેના હાથમા લુંગી ફરફરતી હતી અને મરણજનાર ધનીબેનનો પગ તરફડીયા મારતો હતો અને ધનીબેન ખાટલામા હતા અને આ હરેશ ડોશીમાની પડખે ઉભો હતો. ત્યારબાદ તેમણે ભરતભાઈને વાત કરેલ કે અંદર માણસ છે અને કહેલ કે તેમના સગાને જાણ કરો. પછી ત્યા ઘણા બધા લોકો આવી ગયેલા અને માણસો આવી જતા હરેશ વંડી ઠેકીને જતો રહેલો. તે વખતે ત્યા ઘણા માણસો આવી ગયેલા અને ત્યા ઘણા લોકો આવી ગયેલા અને પોલીસને જાણ કરેલી. પોલીસ તેમને કોર્ટમાં જજ સાહેબ પાસે લઈ ગયેલ અને તેમનું નિવેદન લીધેલુ. સાહેદને સી.આર.પી.સી.કલમ – ૧૬૪ નું નિવેદન બતાવતાં, તેમાં પોતાના અંગુઠાનું નિશાન ઓળખી બતાવે છે જે આ કામે આંક–૩૨ થી રજુ રાખેલ છે. આરોપીને તેઓ નામદાર અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે.

**૧૫.૧)** બચાવપક્ષે થેયલી ઉલટતપાસમાં સાહેદે સ્વીકારેલ છે કે, તેમને સમય કે ઘડીયાળ જોતા આવડતુ નથી. તેઓએ બનાવ સમયે કોઈને સમય અંગે પુછેલ નહી. મરણજનારના ઘરની આજુબાજુ તેમના સગા રહે છે. અલ્કેશભાઈ ખાચરનુ મકાન અને ધનીબેનના મકાન વચ્ચે બજાર આવેલી છે. આ બજાર પંદર ફુટ પહોળી છે. અલ્કેશભાઈનું એક માળનુ મકાન આવેલુ છે. ધનીબેનનું મકાન આશરે દસ ફુટ ઉચુ ઢાળીયા વાળુ છે જયારે અલ્કેશભાઈનુ મકાન ઉચુ છે. અલ્કેશભાઈના મકાનની સામે ધનીબેનના

મકાનની દીવાલ આવેલી છે. એ દીવાલ દસ ફુટ જેટલી ઉચી છે. આરોપીને ધનીબેનના ઘરેથી બહાર નિકળતા જોયેલ નથી. આરોપી હરેશને તેઓ નાનપણથી ઓળખે છે. અલ્કેશભાઈના ઘરના ધાબેથી ધનીબેનનુ ઘર દેખાય છે. તેમને પોલીસને મળવાનુ થયુ ત્યારે તેઓ એકલા જ હતા. પોલીસ તેમને બનાવ બાદ બે પાંચ દિવસ બાદ મળેલી. પોલીસે તેમને તેમનુ નિવેદન વાંચી સંભળાવેલ નથી. તેમને કોર્ટમા જવાનુ છે તેવુ પોલીસે તેમને જણાવેલુ. બનાવ સમયે અલ્કેશભાઈના ઘરે ફર્નીચરનુ કામ ચાલતુ હતુ તેવુ લખાવેલ ન હતુ.

**૧૫.૨)** ઉપરોક્ત સાહેદની સમગ્રપણે જુબાની જોતાં તેઓના જણાવ્યા અનુસાર બનાવ બપોરે ૨ વાગ્યે બનેલો જ્યારે તેઓ અલ્કેશભાઈના ઘરનુ ફર્નિચરનુ કામ કરતા હતા તે વખતે ધાબા ઉપર ગયેલા અને મરણજનારના ઘરે જોતા આરોપી ત્યા ઉભો હતો અને તેના હાથમાં ફરફરતી હતા. ગુજરનારના પગ તરફડીયા મારતા હતા અને આરોપી મરણજનારની પડખે ઉભેલો હતો. જેથી તેઓએ ધાબેથી નીચે ઉતરીને ભરતભાઈને વાત કરેલી અને ઘણા બધા માણસો ભેગા થઈ જતા આરોપી વંડી ટપીને જતો રહેલો. આ સાહેદે આ બનાવ સમયે આરોપીને મરણજનાર પાસે જોયેલ હોવા છતાં આરોપીએ કેવા કલરના કપડા પહેરેલા હતા તે બાબત જણાવી શકતા નથી. સદરહુ સાહેદે એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, આરોપીને મરણજનારના ઘરેથી બહાર નિકળતા જોયેલ નથી. આ કામે સદરહુ સાહેદનુ સી.આર.પી.સી. કલમ – ૧૬૪ હેઠળનુ નિવેદન જોતા તેઓએ જણાવેલ છે કે, બપોરે ૨ વાગ્યે તેઓ અલ્કેશભાઈના ઘરે હતા ત્યારે બાજુના ઘરમાંથી અવાજ આવતા ધાબા ઉપર ચડીને જોયુ ત્યારે આરોપી ત્યાં હતો અને તેઓએ ધાબા ઉપરથી નીચે ઉતરીને આજુબાજુના માણસોને જણાવેલ કે અંદર કોઈ માણસ પડ્યો છે. તે સંજોગોમાં સદરહુ નિવેદન જોતા આરોપીને મરણજનારની પાસે જોયેલ હોય તેવી કોઈ હકીકત આ સાહેદ જણાવતા નથી. તેમજ આરોપીના હાથમાં લુંગી હોય અને મરણજનાર તરફડીયા મારતા હોય તેવી કોઈ હકીકત સરહુ નિવેદન જોતા પુરવાર થતી નથી. આ સાહેદના જણાવ્યા અનુસાર મરણજનારને કોણે શુ મારેલુ તેની તેઓને ખબર નથી. તે સંજોગોમાં આ સાહેદનુ સી.આર.પી.સી. કલમ – ૧૬૪ હેઠળનુ આંક – ૩૨

અન્વયેનુ નિવેદન તેમજ કોર્ટ રૂબરૂની જુબાની જોતા બનાવ સંબંધે કોઈ ચોક્કસ હકીકતો જણાવતા નથી કે જેના આધારે આરોપીને સજા કરી શકાય. સદરહુ ગુના સબંધે આ સાહેદની જુબાનીના આધારે આરોપીને સાંકળી શકાય તેવો કોઈ પુરાવો પ્રાપ્ત થતો નથી.

૧૬.) ફરીયાદપક્ષે આ કામે **સાહેદ નં. ૧૦ જયરાજભાઈ લાભુભાઈ મેણીયાને આંક – ૩૪ થી** સોગંદ ઉપર તપાસેલાં છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ આશરે એકાદ વરસ પહેલા બનેલ છે. તે વખતે પોલીસે તેમને પોલીસ સ્ટેશનમા બોલાવેલ. હરેશભાઇ ગાબુ ઉપર પાળીયાદ કેસ થયેલ હોય તેના સંદર્ભમાં આરોપીનો મોબાઇલ મળેલ હોય અને પોલીસે બનાવવાળી જગ્યાએ મરણજનારના ફોટા લીધેલ હતા તે મોબાઇલ માહેના ફોટા તથા આરોપીના મોબાઇલમાંથી સ્ક્રીનશોટ વિગેરેના ફોટાઓ તેઓએ તેમના સ્ટુડીયોમા આવેલ કમ્પ્યુટરમાં લીધેલા અને આ અંગેની સી.ડી. બનાવી પોલીસને સુપરત કરેલી અને તેઓએ જે કામગીરી કરેલી તે કામગીરી અંગેનું પોલીસને પ્રમાણપત્ર આપેલુ. જે પ્રમાણપત્ર તેઓને બતાવતા તેમાં પોતાની સહી ઓળખી બતાવી, આંક – ૩૫ થી રજુ રાખેલ છે. સદરહુ સાહેદને કોર્ટના રેકર્ડમા રહેલ સી.ડી. બતાવતા તેમા રહેલ ફોટાઓ તથા સ્ક્રીનશોર્ટ જોઈ જણાવે છે કે, તે તેમના દ્વારા તૈયાર કરવામાં આવેલ છે. સદરહુ સાહેદને મુદ્દામાલ પૈકી વાદળી કલરના કવરવાળો સેમસંગ કંપનીનો ગેલેક્ષી એ–૧૨ મોડલનો મોબાઇલ બતાવતાં, સદર મોબાઇલ પોલીસે તેમની સમક્ષ આ ઉપરોકત મોબાઇલમાં રહેલ કન્ટેન્ટ સી.ડી.માં લેવા માટે આપેલ તે તેઓ ઓળખી બતાવે છે.

૧૬.૧) બચાવપક્ષે થેયલી ઉલટતપાસમાં સાહેદે સ્વીકારેલ છે કે, તેઓએ ફોટોગ્રાફીનો સ્પેશ્યલ કોર્સ કરેલ નથી. તેમની નિમણુંક સરકાર દ્વારા ફોટોગ્રાફી કરવા માટે થયેલ નથી અને આ અંગેનુ સર્ટીફીકેટ પણ આપવામા આવેલ નથી. આ કામે પાળીયાદ પોલીસ સ્ટેશન દ્વારા ફોટોગ્રાફી કરવા માટે કોઇ લેખિત આદેશ આપેલ નથી. પોલીસે તેમની સમક્ષ આ મોબાઇલ આરોપીનો છે તેવુ દર્શાવતો કોઇ આધાર પુરાવો રજુ કરેલ નહી. સી.ડી. બજારમાં સહેલાઇથી મળી શકે.

**<u>મરણજનાર તથા આરોપીના મોબાઈલની ફોટોગ્રાફી કરનાર સાહેદના પુરાવાનું મુલ્યાંકનઃ</u>**

**૧૬.૨)** ઉપરોક્ત સાહેદની સમગ્રપણે જુબાની જોતાં તેઓ દ્વારા બનાવવાળી જગ્યાએ મરણજનારના ફોટોગ્રાફ્સ તથા આરોપીનો મોબાઈલ મળેલ તે સંબંધે તેમા રહેલ ફોટા વિગેરે અંગે સી.ડી. બનાવી પોલીસને આપેલી. આરોપીપક્ષ તરફે થયેલી ઉલટતપાસ જોતા તેઓના જણાવ્યા અનુસાર પોલીસે તેઓને ફોટોગ્રાફી કરવા માટે કોઈ લેખિત આદેશ કરેલ નથી. તેમજ રજૂ થયેલ મોબાઈલ આરોપીનો છે કે કેમ તે દર્શાવતો કોઈ આધાર પુરાવો પણ પોલીસે આપેલ નથી. તે સંજોગોમાં આ સાહેદ દ્વારા માત્ર મરણજનારના ફોટોગ્રાફ્સ તેમજ પોલીસ દ્વારા રજૂ થયેલ મોબાઈલના ફોટા અંગેની સી.ડી. બનાવી પોલીસને સુપ્રત કરવામાં આવેલ છે. તે સિવાય અન્ય કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી અને પોલીસે કબજે લીધેલ મુદ્દામાલ મોબાઈલ આરોપીનો છે કે કેમ તે હકીકત પણ આ સાહેદની જુબાનીના આધારે પુરવાર થતી નથી.

**૧૭.)** ફરીયાદપક્ષે આ કામે **સાહેદ નં. ૧૧ ડૉ. સચ્ચિદાનંદ સીતારામ પ્રસાદને આંક – ૩૬ થી** સોગંદ ઉપર તપાસેલાં છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તા.૦૮/૦૬/૨૦૨૩ ના રોજ તેઓ સામુહિક આરોગ્ય કેન્દ્ર, પાળીયાદ ખાતે મેડીકલ ઓફીસર તરીકે ફરજ પર હતા તે દરમ્યાન પી.એસ.આઇ, પાળીયાદની યાદી સાથે હેડ.કોન્સ. વી.એચ.પરમાર જેના બકલ નંબર ૫૯૦ હતા તેઓ સાંજના ૦૫:૧૦ વાગ્યે લાવેલા બળાત્કારના કેસના આરોપી હરેશભાઇ વેલજીભાઇ ગાબુ, ઉ.વ.૨૭, રહે.પાળીયાદ વાળાનું બ્લડ સેમ્પલ લેવા તેઓ સમક્ષ લાવેલા. જે પોલીસ યાદી તેઓને બતાવતાં, તેમાં સ્વીકાર્યા બદલની તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. જે આ કામે આંક – ૩૭ થી રજુ રાખેલ છે. આ કામે તેમણે ડી.એન.એ. સંબંધીત નમુનાઓ લઇ એફ.એસ.એલ. રવાનગી પત્ર સાથે આઇડેન્ટીફીકેશન ફોર્મ ભરી એફ.એસ.એલ. કચેરી ગાંધીનગર ખાતે મોકલી આપેલ જે આઇડેન્ટીફીકેશન ફોર્મ આ કામે આંક – ૩૮ થી રજુ રાખેલ છે. તેમજ આરોપી પોલીસ રીમાન્ડ પર હોય પોલીસે આરોપીની મેડિકલ તપાસણી કરી સર્ટીફિકેટ આપવા તેઓને યાદી કરેલી જે યાદી લગત તેઓએ

આરોપીની શારીરિક ચકાસણી કરી પ્રમાણપત્ર આપેલુ. જે પ્રમાણપત્ર તેઓને બતાવતાં, તેમાં તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે જે આંક – ૩૯ થી રજુ રાખેલ છે.

**૧૭.૧)** બચાવપક્ષે થેચલી ઉલટતપાસમાં સાહેદે સ્વીકારેલ છે કે, હોસ્પિટલમાં તેમની મદદ માટે સ્ટાફ હોય છે. આંક–૩૮ વાળુ ફોર્મ હરેશભાઇ વેલજીભાઈ ગાબુના નામનુ છે હરેશભાઈ વેલશીભાઈ ગાબુના નામનુ નથી.

**<u>તબીબી અધિકારીશ્રીના પુરાવાનું મુલ્યાંકનઃ</u>**

**૧૭.૨)** ઉપરોક્ત તબીબી અધિકારીશ્રીની જુબાની જોતા તેઓ દ્વારા આરોપીના બ્લડ સેમ્પલ ડી.એન.એ. સંબંધે લઈ, જરૂરી ફોર્મ ભરી ગાંધીનગર એફ.એસ.એલ. કચેરીમાં મોકલી આપેલ. આ સાહેદના જણાવ્યા અનુસાર તેઓએ જે આંક – ૩૮ વાળુ ફોર્મ ભરેલ છે તેમાં જે નામ દર્શાવેલ છે તે હરેશભાઈ વેલજીભાઈ ગાબુ જણાવેલ છે, જ્યારે હાલના આરોપીનુ નામ હરેશભાઈ વેલશીભાઈ ગાબુ છે. જે હકીકતનો આ સાહેદે સ્વીકાર કરેલ છે. તે સંજોગોમાં આંક – ૩૮ વાળુ આઈડૅન્ટીફીકેશન ફોર્મ શંકા રહિત સાબિત કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ રહેલ છે.

**૧૮.)** ફરીયાદપક્ષે આ કામે **સાહેદ નં. ૧૨ રતનસિંહ માનસિંહ જાદવને આંક – ૪૧ થી** સોગંદ ઉપર તપાસેલાં છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, ગઇ તા.૦૬/૦૭/૨૦૨૩ ના રોજ પાળીયાદ પોલીસ સ્ટેશન દ્વારા ગુ. નં ૧૧૧ ૯૦૦૦ ૫૨૩૦૨૪૮/૨૦૨૩ અન્વયે તેમને સરકારી ગોડાઉન પાછળ ભદ્રાવડી રોડ, પાળીયાદ ખાતે બનાવવાળી જગ્યાએ ખુન થયેલું હોય તે જગ્યાનો નકશો બનાવવા માટે લેખિતમાં પત્ર મોકલેલો. જે સબંધે તેમણે બનાવવાળી જગ્યાનો નકશો તૈયાર કરી પાળીયાદ પોલીસ સ્ટેશનમાં રૂબરૂ મોકલી આપેલ, જે પત્ર સાથે બનાવવાળી જગ્યાનો નકશો આ કામે રજુ રાખેલ. જે સાહેદને બતાવતાં, તેમાં વિસ્તરણ અધિકારી તરીકે તેમની સહી ઓળખી બતાવી આંક – ૪૨ થી રજુ રાખેલ છે. સદરહુ સાહેદને નકશો બતાવતાં તે તેમણે પંચો રૂબરૂ તૈયાર કરેલો જેમાં તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે.

**૧૮.૧)** બચાવપક્ષે થેચલી ઉલટતપાસમાં સાહેદે સ્વીકારેલ છે કે, પાળીયાદ ગામ ઘણુ મોટુ ગામ છે. તેઓ ગામની ભૌગોલીક પરીસ્થિતિથી

પુરી રીતે વાકેફ નથી. તેમને પોલીસ તરફથી જે જગ્યાનો નકશો બનાવવા બાબતે પત્ર લખવામાં આવેલ હતો તેની સાથે તે જગ્યાની માલિકીનો કોઇ આધાર આપવામાં આવેલ ન હતો, કે તેઓ જ્યારે નકશો બનાવવા ગયેલા ત્યારે પણ તે જગ્યાની માલિકીનો કોઇ આધાર પણ મેળવેલ ન હતો. સાહેદ જણાવે છે કે તેમને પંચનામું મળેલુ તેમાં જગ્યાની માલિકી અંગે જણાવવામાં આવેલુ હતું. તેમણે તૈયાર કરેલ નકશામાં આ મકાનની બાજુમાં અલ્કેશભાઇ જીલુભાઇ ખાચરનું મકાન હોવાનુ જણાવેલ નથી. તેઓએ તૈયાર કરેલ નકશામાં તેમના હોદ્દાનો કોઇ સિક્કો લગાવવામાં આવેલો ન હતો.

**<u>બનાવવાળી જગ્યાનો નકશો તૈયાર કરનાર સાહેદના પુરાવાનું મુલ્યાંકનઃ</u>**

**૧૮.૨)** ઉપરોક્ત સાહેદ દ્વારા બનાવવાળી જગ્યાનો નકશો બનાવી પાળીયાદ પોલીસ સ્ટેશનમાં મોકલી આપવામાં આવેલ છે. પરંતુ તેઓ દ્વારા જે નકશો બનાવવામાં આવેલ છે તે ખરેખર કોની માલિકીના મકાનનો છે તે અંગે પોલીસે કોઈ આધાર આપેલ નથી. તેમજ આ મકાનની બાજુમાં કોઈ અલ્કેશભાઈ જીલુભાઈ ખાચરનુ મકાન હોય તેવુ નકશા પરથી જણાતુ નથી. આ સાહેદ દ્વારા તૈયાર કરેલ નકશામાં પોતાના હોદ્દાની કોઈ સહી સિક્કા પણ કરવામાં આવેલ નથી. તે સંજોગોમાં આ સાહેદની જુબાનીના આધારે આંક – ૪૨ વાળો બનાવવાળી જગ્યાનો નકશો શંકારહિત પુરવાર થતો નથી.

**૧૯.)** ફરીયાદપક્ષે આ કામે **સાહેદ નં. ૧૩ નીરવભાઈ મહેશકુમાર વ્યાસને આંક – ૪૩ થી** સોગંદ ઉપર તપાસેલાં છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, ગઈ તા.૦૩/૦૬/૨૦૨૩ ના રોજ સાંજના સાડા ત્રણ આસપાસ પાળીયાદ પોલીસ સ્ટેશન દ્વારા ટેલીફોનીક જાણ કરવામાં આવેલી કે પાળીયાદ ગામમા એક વૃધ્ધાની નિર્વસ્ત્ર હાલતમા લાશ મળી આવેલી છે તેનું ઈન્કવેસ્ટ પંચનામુ કરવાનું છે જેથી સ્થળ પર હાજર રહેવા માટે તેમની ઓફીસમા જાણ કરેલી. જેથી તેમને એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ મામલતદાર ઓફીસ, બોટાદનાઓ દવારા તે અંગેનુ ઈન્કવેસ્ટ પંચનામુ કરવા માટે લેખત આદેશ કરેલો. ત્યારબાદ તેઓ તા. ૦૩/૦૬/૨૦૨૩ ના રોજ અંદાજે બપોરના ૧૬:૧૫ વાગ્યે પાળીયાદ સરકારી ગોડાઉન પાછળ આવેલ શેરીમાં ગયેલા. ત્યા પી.એસ.આઈ. એ.એમ.રાવલ હાજર હતા અને મરણજનાર ધનીબેન વા/ઓ નાગરભાઇ મોહનભાઇ મીતલીયાના ઘરમા ગયેલા. એ

વખતે તેમના દીકરી મંજુબેન ગોરધનભાઈ જાંજરૂકીયા હાજર હતા અને તેમણે સદર લાશ તેમના માતાની હોવાનુ જણાવેલ. સૌપ્રથમ લાશનું પંચનામુ કરતા આ લાશ ખાટલા પર પડેલી હતી તેમજ માથાના વાળા સફેદ હતા. તેની આંખો બંધ હતી. મોઢામાથી જીભ સેજ બહાર આવી ગયેલી હતી જે રતાશ પડતા રંગની હતી. દાઢીના ભાગે તાજુ વાગેલાનું નીશાન હતુ. છાતીનો ભાગ ખુલ્લો હતો અને તેના ઉપર ગોદડુ ઓઢાડવામાં આવેલ હતુ. વૃધ્ધાની લાલ રંગનું બ્લાઉઝ અને કાળા કલરનો દુપટો તેની લાશ પર પડેલો હતો. તેનું શરીરના બંને હાથ ખાટખુણેથી વળેલા હતા. તેમના પહોચાથી કોણી સુધી છુંદણાના નીશાન હતા. જાંબલી રંગનો ચણીયો પેટ સુધી આવેલો હતો.

ગુજરનારના ગુપ્ત ભાગે મહીલા પંચ તથા ગુજરનારની દીકરીની હાજરીમાં તપાસ કરતા ગુપ્ત ભાગે લોહીના નીશાન હતા અને ગુદાના ભાગમાંથી સ્ટુલ નિકળેલ હતુ. આ માહીતિ મહીલા પંચો મારફત ખરાઈ કરવામાં આવી હતી. તેના જમણા હાથમા કાળા રંગનો દોરો હતો અને ડાબા હાથમા રૂદ્રાક્ષની બેરખાવાળી માળા હતી અને તર્ઝની આંગળીમા ધાતુની વીટી હતી. તેનો ડાબો પગ ખાટલામા સીધો હતો અને જમણો પગ ખાટલાની બહાર લટકતો હતો. ઈન્કવેસ્ટ પંચનામુ પોલીસે બે પંચો બોલાવી તેમના જોયા જાણ્યા લખાવ્યા મુજબ તેમની રૂબરૂ તૈયાર થયેલુ. જેમા તેમની તથા પી.એસ.આઈ. એ.એમ.રાવલ તથા બે પંચોની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે જે આ કામે આંક–૨૩ થી રજુ રાખેલ છે.

**૧૯.૧)** બચાવપક્ષે થેયલી ઉલટતપાસમાં સાહેદે સ્વીકારેલ છે કે, તેમને પંચનામામા જવા માટે જે લેખિત આદેશ થયેલાનુ જણાવે છે જે સાથે લાવેલ નથી. તેમને પાળીયાદ પોલીસ સ્ટેશનમાંથી સ્થળ પર લઈ જવા માટે ગાડી આવેલી અને તેઓ તેઓની સાથે સ્થળ પર ગયેલા. તેઓ સ્થળ પર ગયા ત્યારે પી.એસ.આઈ. દ્વારા પંચસાહેદની ઓળખ કરાવવામા આવેલી જેઓના નામ અનોપભાઈ પઢીયાર અને જસુબેન હતા.

**<u>ઈન્કવેસ્ટ પંચનામુ કરનાર/ડેપ્યુટી મામલતદારશ્રીના પુરાવાનું મુલ્યાંકનઃ</u>**

**૧૯.૨)** ઉપરોક્ત સાહેદની સમગ્રપણે જુબાની જોતાં તેઓ દ્વારા આંક – ૨૩ વાળુ ઈન્કવેસ્ટ પંચનામુ કરવામાં આવેલુ છે. જો કે આ પંચનામુ કરવા માટે તેઓને કોઈ લેખિત આદેશ થયેલ હોય તેવુ આ કામે પુરવાર થતુ નથી.

વિશેષમાં, આ સાહેદના જણાવ્યા અનુસાર મરણજનારની લાશ ઉપર લાલ રંગનુ બ્લાઉઝ અને કાળા કલરનો દુપટ્ટો મળેલ હતો, પરંતુ મરણજનારના ગળા ઉપર ચણીયાનો કોઈ છેડો બાંધવામાં આવેલ હોય તેવી કોઈ હકીકત આ સાહેદ જણાવતા નથી. તે સંજોગોમાં ખરી હકીકતે મરણજનારનુ મૃત્યુ ચોક્કસ ક્યા કારણથી થયેલુ છે તે સંબંધેની કોઈ હકીકતો આંક – ૨૩ વાળા ઈન્કવેસ્ટ પંચનામા તેમજ આ સાહેદની જુબાનીના આધારે પુરવાર કરવામાં ફરિયાદપક્ષ સંપૂર્ણપણે નિષ્ફળ રહેલ છે.

૨૦.) ફરીયાદપક્ષે આ કામે **સાહેદ નં. ૧૪ અશ્વિનકુમાર હરીભાઈ ઈટાલીયાને આંક – ૪૪ થી** સોગંદ ઉપર તપાસેલાં છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તા.૦૪/૦૬/૨૦૨૩ ના રોજ તેઓ ભાવનગર એફ.એસ.એલ. ખાતે એફ.એસ.એલ. અધિકારી તરીકે ફરજ પર હતા તે વખતે પાળીયાદ પોલીસ સ્ટેશન. તરફથી ૨૪૮/૨૦૨૩ ના ગુન્હાના કામે ત.ક.અ. શ્રી એ.એમ.રાવલ પી.એસ.આઇ. પાળીયાદ દ્વારા ટેલીફોનીક મેસેજ દ્વારા બનાવ સ્થળની તપાસ અર્થે જાણ કરેલ જે અન્વયે તેઓ તા.૦૪/૦૬/૨૦૨૩ ના કલાક ૧૮:૦૦ એ બનાવ સંબંધી સ્થળ તપાસ અધિકારીની હાજરીમાં પહોચી બનાવ સ્થળનું પરીક્ષણ કરેલ. જે બનાવ સંબંધી સ્થળ એક પુર્વ બારના ધાતુના ડેલામાં પ્રવેશતા સામે ખુલ્લુ ફળીયુ જેની સામે દક્ષિણે મકાન એક રૂમ ઓશરી ઉતાર રસોડાવાળુ દેશી નળીયાનું જેની પાછળ ૧૧ x ૮ ફુટ જગ્યા જે દીવાલ આશરે ૬ ફુટ ઉંચાઇની જોવા મળે છે જે ખુણામાં લાકડાનો ઢગલો (જે આશરે ૫ ફુંટ ઉંચાઇનો) જોવા મળે છે. સદર મકાનમાં ઓશરીમાં બનાવ બનેલ તે સ્થળ બતાવતાં સદર સ્થળ એક સફેદ સુતરની દોરીવાળો પશ્ચીમ પુર્વે સહેજ ત્રાસો ઢાળેલો લાકડાનો ખાટલો જેમા મધ્ય ભાગે ભુખરા જેવા રંગનું ધાબુ જેની રૂધીર અંગે કસોટી કરતા સકારાત્મક હાજરી જણાયેલી. સદર ખાટલા પર સફેદ જેવા રંગનુ કપડુ તથા દોરી બાંધેલી જેની લંબાઇ અનુક્રમે ૩ તથા ૭ ફુટ હતી. સદર ખાટલાની નીચે ગ્રે જેવા રંગના કોટા સ્ટોન પથ્થર પર ભુખરા જેવા રંગનુ ધાબુ (૬ ઇંચ જેટલુ) જેની રૂધીર અંગેની કસોટી સકારાત્મક જણાયેલી. સદર બનાવ સ્થળેથી મળેલ નમુનાઓ તથા જરૂરી સુચનો તેમના સ્થળ પરીક્ષણ અહેવાલ ક્રમાંક નં.મો.ઇ.વા./બી.વી.એન/ ૮૯૫૦૦ તપાસ કરનાર અધિકારીને જણાવેલ

છે. જે સ્થળ પરીક્ષણ અહેવાલ સાહેદને બતાવતાં, તેમાં તેમના હસ્તાક્ષર તેમજ સહી તથા હોદ્દાનુ સીલ અને અહેવાલ સ્વીકારનાર તરીકે પી.એસ.આઇ. શ્રી એ.એમ.રાવલ પાળીયાદ પોલીસ સ્ટેશન.ની સહી ઓળખી બતાવે છે, જે આ કામે આંક – ૪૫ થી રજુ રાખેલ છે. સદરહુ સાહેદને આ કામે પરીક્ષણ અર્થે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ બતાવતાં તેઓ ઓળખી બતાવે છે.

**૨૦.૧)** બચાવપક્ષે થેયલી ઉલટતપાસમાં સાહેદે સ્વીકારેલ છે કે, તેમને સદર કામના તપાસ કરનાર અધિકારી એ.એમ.રાવલ, પી.એસ.આઇ. નો આશરે ૧૬:૩૦ કલાકની આસપાસ ટેલીફોનીક મેસેજ મળેલો. તે વખતે તેઓ ક્યા હતા તે હાલ યાદ નથી. ટેલીફોનીક જાણ સાથે ફેક્સ મેસેજ કરવામા આવે છે. ટેલીફોન દ્વારા મેસેજ આવતા સ્થળ પરીક્ષણ માટે તુરંત જ જવુ જરૂરી નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, અન્ય કામમા રોકાયેલ હોય તો તે કામગીરી પુર્ણ કર્યેથી જવાનુ હોય છે. તેઓએ અગાઉ આ સ્થળ જોયેલ હોય તેવુ બનેલ નથી.

**<u>બનાવ સ્થળનું પરીક્ષણ કરનાર અધિકારીશ્રીના પુરાવાનું મુલ્યાંકનઃ</u>**

**૨૦.૨)** ઉપરોક્ત સાહેદની જુબાની જોતા તેઓ દ્વારા બનાવ સ્થળનુ પરીક્ષણ કરવામાં આવેલુ છે. પરંતુ ગુનાને લગતા કોઈ શંકાસ્પદ નમુના મળી આવેલા નથી. આ સાહેદના જણાવ્યા અનુસાર મરણજનાર જે ખાટલા ઉપર મૃત્યુ પામેલા તેના ઉપર સફેદ રંગનુ કપડુ તથા દોરી બાંધેલ હતી. જ્યારે આંક – ૨૩ અન્વયેનુ પંચનામુ જોતા ખાટલા ઉપર સફેદ જેવા રંગનું કપડુ તથા દોરી બાંધી હોય તેવી કોઈ હકીકત જણાતી નથી. તે સંજોગોમાં આ સાહેદની જુબાનીના આધારે આંક – ૪૧ વાળો સ્થળ પરીક્ષણનો અહેવાલ શંકારહિત સાબિત થતો નથી અને આ ગુનામાં આરોપીને સાંકળી શકાય તેવો કોઈ પુરાવો પ્રાપ્ત થતો નથી.

**૨૧.)** ફરીયાદપક્ષે આ કામે **સાહેદ નં. ૧૫ અરવિંદભાઈ ઋગનાથભાઈ સાકરીયાને આંક – ૪૮ થી** સોગંદ ઉપર તપાસેલાં છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તેઓ જિલ્લા મેજીસ્ટ્રેટ કચેરી બોટાદમાં ડી.એમ. શાખામા ક્લાર્ક તરીકે ફરજ બજાવે છે. તેઓએ ગુજરાત પોલીસ અધિનીયમની કલમ–૩૭ અન્વયેના તેમના કચેરીના જાહેરનામાના

રેકર્ડમાંથી તા.૦૫/૦૫/૨૦૨૩ ના રોજ કાઢવામાં આવેલ જાહેરનામાની પ્રમાણિત નકલ રજુ રાખેલ છે. જે મુજબ તા.૦૯/૦૫/૨૦૨૩ થી તા.૦૮/૦૬/૨૦૨૩ સુધી બન્ને દિવસો સુધ્ધા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ−૩૭(૧) અન્વયે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ બોટાદ દ્વારા હથીયારબંધીનુ જાહેરનામુ બહાર પાડવામાં આવેલુ હતું જેને યોગ્ય રીતે પ્રસિધ્ધ કરવામાં આવેલુ. જે અંગે જાહેરનામાની પ્રમાણિત નકલ તથા તે સાથેના દસ્તાવેજો આ કામે આંક – ૪૯ થી રજુ રાખેલ છે.

**૨૧.૧)** બચાવપક્ષે થેયલી ઉલટતપાસમાં સાહેદે સ્વીકારેલ છે કે, તેઓએ તેમની કચેરીના રેકર્ડ આધારીત જુબાની આપેલ છે. આ જાહેરનામાની નકલ પ્રસિધ્ધ કરવા માટે સંબંધિત પોલીસ સ્ટેશન તરફ પત્ર લખેલો જે સંબંધે તેની પ્રસિધ્ધી કરેલ છે કે કેમ તે તેઓ કહી શકે નહી. જાહેરનામાની સમગ્ર જિલ્લામા જાહેરાત થયેલ છે કે કેમ તે પણ કહી શકે નહી.

**<u>હથિયારબંધી જાહેરનામા અંગેના સાહેદના પુરાવાનું મુલ્યાંકનઃ</u>**

**૨૧.૨)** ઉપરોક્ત સાહેદની જુબાની જોતા તેઓ દ્વારા આંક−૪૯ અન્વયે ગુજરાત પોલીસ અધિનિયમ હેઠળના જાહેરનામાની નકલ રજૂ કરવામાં આવેલી છે. સદરહુ દસ્તાવેજ સરકારી દસ્તાવેજ હોય અને પ્રોપર કસ્ટડીમાંથી રજુ થતો હોય તેને ન માનવાને કોઈ કારણ જણાતુ નથી અને તા.૦૩/૦૬/૨૦૨૩ ના રોજ જીલ્લા મેજીસ્ટ્રેટ બોટાદનાઓ દ્વારા હથિયારબંધીનુ જાહેરનામુ બહાર પાડવામાં આવેલુ તે હકીકત પુરવાર થાય છે.

**૨૨.)** ફરીયાદપક્ષે આ કામે **સાહેદ નં. ૧૬ પંચ સુરેશભાઈ મુળજીભાઈ પડસારીયાને આંક – ૫૨ થી** સોગંદ ઉપર તપાસેલાં છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, આશરે દોઢ થી બે વરસ પહેલા પાળીયાદ પોલીસે તેમને ખુન અને બળાત્કારના કેસમા પંચનામુ કરવાનુ હોય બોલાવેલા. તે વખતે મનસુખભાઇ પ્રજાપતિ, પોલીસના માણસો અને બીજા સાહેબો પણ હાજર હતા. તે વખતે મનસુખભાઈએ તે ઘર તેઓનું છે અને ત્યા બનાવ બનેલ છે તેવું જણાવતા તેઓ મનસુખભાઈના ઘરમાં દાખલ થયેલા તે મકાન દેશી નળીયાવાળુ અને લોખંડના ડેલા વાળુ હતુ. ત્યા ઘરમાં એક ખાટલો ફળીયામાં જતા ડેલાની અંદર પડેલ હતો. ત્યા સાહેબે તેમની

હાજરીમા લોહીના સેમપ્લો ખાટલાની આજુબાજુમા અને નીચે તથા લોહીના છાટા ઉડેલ હતા અને લોહી પડેલ હતુ ત્યા સાહેબે રૂ થી સેમ્પલો લીધેલા. સદર ખાટલો સુરતની દોરીથી ગુથેલો હતો. ખાટલામાંથી દોરી અને દોરી પર જ્યા લોહી હતું ત્યાથી સેમ્પલો લેવામાં આવેલા. ખાટલા સાથે મેલા જેવુ કપડુ બાંધેલ હતું તે કપડુ છોડીને કબજે કરવામાં આવેલ હતું. સદર ઘરમાં એક આંબાનુ ઝાડ હતું અને બાજુમા માતાજીનો મઢ આવેલ છે અને મકાનની બેય બાજુ બજાર આવેલ છે મકાનની પાછળ દીપભાઇ દરબારનું મકાન આવેલ છે અને બાજુમાં રાજાભાઇનું મકાન આવેલ છે. આ અંગેનું પંચનામાનુ લખાણ તેઓની રૂબરૂમાં કરવામા આવેલ. જે પંચનામુ સાહેદને બતાવતાં, તેમાં પંચ નં.ર તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે. જે આ કામે આંક – ૫૩ થી રજુ રાખેલ છે.

ત્યારબાદ ત્યા હાજર મનસુખભાઇએ ખાટલા વિશે જણાવેલ કે, આ ખાટલા પર તેમના માતૃશ્રી પર બળાત્કાર કરી તેઓનું ગળુ દબાવી આરોપીએ હત્યા કરી હોવાનું જણાવેલ. તે વખતે બનાવવાળી જગ્યાએથી હાજર સાહેબે તમામ નમુનાઓ તેમની હાજરીમા પેક કરી પંચસ્લીપોમાં તેમની સહીઓ લઇ પેક કરેલા. સદરહુ સાહેદને તેઓની હાજરીમાં કબજે લેવામાં આવેલ મુદ્દામાલ આર્ટીકલ એ થી ઈ સુધીનો બતાવતાં, તે મુદ્દામાલ તથા તે અંગેની પંચસ્લીપોમાં પોતાની સહીઓ ઓળખી બતાવી, આંક – ૫૪ થી ૫૮ સુધીની રજુ રાખેલ છે.

**૨૨.૧)** બચાવપક્ષે થેયલી ઉલટતપાસમાં સાહેદે સ્વીકારેલ છે કે, તેમને મનસુખભાઇ સાથે સંબંધ છે. તેઓ આ અગાઉ ક્યારેય પંચનામામા રહેલ નથી. પંચનામુ કઇ રીતે લખાવવુ તે તેમને ન આવડે. પંચનામુ તેઓ બોલતા હોય અને પોલીસ લખતી હોય તેવુ બનેલ નથી. તેમને અંદાજે સવારના દસ અગીયાર વાગ્યે પંચનામા માટે બોલાવવા આવેલા. પંચનામુ અંદાજે બે અઢી કલાક ચાલેલુ. એકાદ વાગ્યે પંચાનામુ પુરૂ થઇ ગયુ હતુ. પંચનામા બાદ તેમને પોલીસને મળવાનુ થયેલ નહી.

**ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચસાહેદના પુરાવાનું મુલ્યાંકનઃ**

**૨૨.૨)** ઉપરોક્ત સાહેદની જુબાની જોતા તેઓના જણાવ્યા અનુસાર બનાવ તારીખે પોલીસે તેઓને પંચનામુ કરવા બોલાવેલા અને તે સમયે

બનાવવાળી જગ્યાએ આજુબાજુ લોહીના છાટા પડેલ હતા તેમજ ખાટલા સાથે જે મેલા જેવુ કપડુ બાંધેલ હતુ તેને છોડીને કબજે લેવામાં આવેલ અને લોહીના સેમ્પલો લેવામાં આવેલા. પરંતુ આ કામે આંક – ૨૩ અન્વયેનુ ઈન્કવેસ્ટ પંચનામુ તેમજ આંક – ૫૩ અન્વયેનુ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ જોતા મરણજનાર જે ખાટલા ઉપર મૃત્યુ પામેલા તેના પર કોઈ કપડુ બાંધવામાં આવેલ હોય તેવી કોઈ હકીકત પુરવાર થતી નથી. પરંતુ અન્ય સાહેદોના જણાવ્યા અનુસાર મરણજનારના ગળાની ડાબી બાજુ ખાટલાના લાકડા સાથે એક ચણીયો બાંધેલો હતો. તે સંજોગોમાં ખરી હકીકતે આ પંચસાહેદની હાજરીમાં શુ કબજે લેવામાં આવેલુ તે હકીકત શંકારહિત પુરવાર થતી નથી. વિશેષમાં, પોલીસે આ પંચનામુ પંચસાહેદોના લખાવ્યા મુજબ લખેલ હોય તેવી પણ કોઈ હકીકત આ પંચસાહેદ જણાવતા નથી. તે સંજોગોમાં આંક – ૫૩ વાળુ પંચનામુ શંકારહિત પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે.

**૨૩.)** ફરીયાદપક્ષે આ કામે **સાહેદ નં. ૧૭ પંચ રણછોડભાઈ વીહાભાઈ ડાંગરને આંક – ૬૦ થી** સોગંદ ઉપર તપાસેલાં છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, આશરે બે વરસ પહેલા પાળીયાદ પોલીસે પોલીસ સ્ટેશને તેઓને એક બોકસ અને કાચની બરણીઓ હતી જેમાં કોઇ સફેદ સફેદ હતું જેનું પંચનામુ કરવાનું હતુ જેથી બોલાવેલા. તે વખતે તેમની સાથે બુધાભાઈ હાજર હતા. સાહેદને આંક – ૬૧ થી રજુ મરણજનારના સેમ્પલો તથા કપડા કબજે કર્યા અંગેનું પંચનામુ બતાવતાં, તેમા તેઓ પંચ નં. ૧ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે. સદરહુ સાહેદને મુદ્દામાલ આર્ટીકલ 'F' થી 'K' વાળો બતાવતાં તે તેઓ ઓળખી બતાવે છે તેમજ તેમા રહેલી એફ.એસ.એલ.ની ટેગ ઓળખી બતાવે છે. મરણજનાર ધનીબેન નાગરભાઇ મીતલીયા, રહે.પાળીયાદ નાઓની લાશના પી.એમ. દરમ્યાન મેડીકલ ઓફીસર સર.ટી. હોસ્પિટલ ભાવનગર દ્વારા આ સેમ્પલો મેળવી તે કબજે કરવાના હોય તે અંગેનુ પંચનામુ તેઓની હાજરીમાં કરવામા આવેલુ.

**૨૩.૧)** બચાવપક્ષે થેયલી ઉલટતપાસમાં સાહેદે સ્વીકારેલ છે કે, પંચનામુ કઇ રીતે લખાવવુ તે તેમને આવડતુ નથી. પોલીસે સહી કરવાનુ કહેતા તેમણે સહી કરેલી. સાહેદ જણાવે છે કે, તેમની હાજરીમાં કામગીરી

કરેલી. પંચનામામા શુ લખેલ છે તે તેમણે વાંચેલ નહી.

**<u>મરણજનારના સેમ્પલો તથા કપડા કબજે કર્યા અંગેના પંચનામાના પંચસાહેદના પુરાવાનું મુલ્યાંકનઃ</u>**

**૨૩.૨)** ઉપરોક્ત પંચસાહેદની સમગ્રપણે જુબાની જોતાં તેઓના જણાવ્યા અનુસાર પોલીસે કોઈ સફેદ જેવી વસ્તુ જે કાચની બરણીમાં હતી તેનુ પંચનામુ કરવા બોલાવેલા. પરંતુ આ વસ્તુઓ કોની હતી તેની પોલીસે કોઈ સમજણ આપેલી નથી. આ સાહેદના જણાવ્યા અનુસાર પોલીસે સહી કરવાનુ કહેતા તેઓએ સહી કરેલી. પરંતુ પંચનામામાં શુ લખેલ છે તે તેઓએ વાંચેલુ નથી. તે સંજોગોમાં મરણજનારના મેડિકલ સેમ્પલો આ પંચસાહેદની હાજરીમાં આંક – ૬૧ વાળા પંચનામા અન્વયે કબજે લેવામાં આવેલ હોય તેવી હકીકત શંકારહિત સાબિત કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે.

**૨૪.)** ફરીયાદપક્ષે આ કામે **સાહેદ નં. ૧૮ પંચ માત્રાભાઈ હરજીભાઈ જોગહવાને આંક – ૬૯ થી** સોગંદ ઉપર તપાસેલાં છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, આશરે બે વરસ પહેલા તેઓ ભદ્રાવડી રોડ પર તેમની ગાડી લઈને બેઠા હતા ત્યારે પોલીસ આવેલ અને કાગળમાં સહી કરવાનુ કહેલુ જેથી તેમણે સહી કરી આપેલી. તે વખતે તેમના કાકા રામજીભાઈ પણ હાજર હતા. તેઓએ પણ આ કાગળમાં સહી કરેલી. તેમની હાજરીમાં પોલીસે કોઈ વ્યક્તિને બતાવેલ હોય કે તેણે પહેરેલ કપડા કબજે લીધેલ હોય તેવુ બનેલ નથી. સદરહુ સાહેદને આરોપીએ બનાવ સમયે પહેરેલ કપડા કબજે કર્યા અંગેનું પંચનામુ બતાવતા તેમાં પોતાની સહી ઓળખી બતાવી, આંક – ૭૦ થી રજુ રાખેલ છે. વધુમાં આ સાહેદને આરોપીએ બનાવ સમયે પહેરેલા કપડા નામદાર અદાલત રૂબરૂ બતાવતા તે તેમની હાજરીમાં કબજે લીધેલ ન હોવાનુ જણાવે છે. તેમજ મુદ્દામાલ કપડામાંથી નિકળેલ પંચસ્લીપો તથા એફ.એસ.એલ.ના ટેગમાં પોતાની સહી ઓળખી બતાવે છે જે આ કામે આંક – ૭૦ થી ૭૪ સુધીના રજુ રાખેલ છે. તેઓ આરોપી હરેશભાઈ વીરશીભાઈ ગાબુને ઓળખતા નથી.

**૨૪.૧)** બચાવપક્ષે થેયલી ઉલટતપાસમાં સાહેદે સ્વીકારેલ છે કે, પોલીસે તેમને તૈયાર કાગળમાં સહી કરવાનુ કહેતા તેમણે અને રામજીભાઈએ સહી કરેલી તે સિવાય તેઓ કઈ જાણતા નથી.

**૨૫.)** ફરીયાદપક્ષે આ કામે **સાહેદ નં. ૧૯ પંચ રામજીભાઈ વિહાભાઈ જોગહવાને આંક–૭૫ થી** સોગંદ ઉપર તપાસેલાં છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે,પાળીયાદમાં સરકારી ગોડાઉન વિસ્તાર આવેલ છે તેની તેમને જાણ છે. આ વિસ્તારમા એક વૃધ્ધા રહેતા હતા જેનુ નામ તેમને ખબર નથી પણ તેમનુ ખુન થઈ ગયેલ છે તેમજ તેમની સાથે બળાત્કાર પણ થયેલ છે તેવી વાત જાણવા મળેલ છે. આશરે દોઢેક વર્ષ પહેલા તેઓ ભદ્રાવડી રોડે સરકારી ગોડાઉન પાસે બેસેલ હતા ત્યારે મહીલા પી.એસ.આઇ. એ તેમની સહી લીધેલી. ભદ્રાવડી રોડેથી પોલીસ સ્ટેશન એક કી.મી. દુર થાય તથા આ પોલીસ સ્ટેશન પાસેથી અવારનવાર વાહન લઈને નિકળે છે. પોલીસે તેમની સહી લીધેલી અને આ મર્ડર બાબતના કેસ કાગળોમા સહી લીધેલી. સહી શી બાબતની હતી તેની તેમને ખબર નથી. સાહેદને આરોપીના કપડા કબજે કર્યા અંગેનુ પંચનામુ બતાવતા તેમાં પંચ નં. ૨ તરીકે પોતાની સહી ઓળખી બતાવી, આંક – ૭૦ થી રજુ રાખેલ છે.

પાળીયાદ પોલીસે તેમને પોલીસ સ્ટેશન સહી કરવા બોલાવેલા. ત્યા પોલીસના માણસો હાજર હતા અને બીજુ કોણ હાજર હતુ તે તેમને ખબર નથી. સાહેદને મુદ્દામાલ કપડા નામદાર અદાલત રૂબરૂ બતાવતા તે તેમની હાજરીમાં કબજે લીધેલ નથી તેવી હકીકત જણાવે છે. તેમજ મુદ્દામાલમાંથી નિકળેલ પંચસ્લીપો તથા એફ.એસ.એલ.ના ટેગ બતાવતા, તેમાં પોતાની સહી ઓળખી બતાવે છે. તેમજ આરોપીને પણ તેઓ નામદાર અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે.

સદરહુ સાહેદ પંચનામાની હકીકતોને સમર્થનકારી પુરાવો રજુ રાખતા ન હોય એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરી, ઉલટતપાસ કરવાની પરવાનગી માંગતા, જે અન્વયે મંજુરી આપી ઉલટતપાસ કરતાં, કોઈ મહત્વની હકીકત બહાર આવેલી નથી.

**૨૫.૧)** બચાવપક્ષે થેયલી ઉલટતપાસમાં સાહેદે સ્વીકારેલ છે કે, તેમને લખતા વાચંતા આવડતુ નથી. તેઓને આ કામના ફરિયાદીએ પોલીસ સ્ટેશને બોલાવેલા. તેઓ બોલતા જતા હોય અને પોલીસ પંચનામુ લખતી હોય તેવુ બનેલ નથી. તેઓ અને પંચ નં. ૧ હાજર હતા અને પોલીસના તૈયાર કાગળમાં માત્ર સહી કરેલી અને સહી સિવાય બીજુ કંઈ જાણતા નથી.

<u>**આરોપીએ બનાવ સમયે પહેરેલા કપડા કબજે કર્યા અંગેના પંચનામાના પંચસાહેદના પુરાવાનું મુલ્યાંકનઃ**</u>

**૨૫.૨)** ઉપરોક્ત બંને પંચસાહેદોની સમગ્રપણે જુબાની જોતાં તેઓના જણાવ્યા અનુસાર પોલીસે તેમની હાજરીમાં કોઈ વ્યક્તિને બતાવેલ હોય કે તેઓએ પહેરેલા કપડા કબજે લીધેલા હોય તેવુ બનેલ નથી. આ પંચસાહેદો કોર્ટમાં રહેલ મુદ્દામાલ પણ ઓળખી બતાવતા નથી અને આરોપીપક્ષ તરફે થયેલી ઉલટતપાસમાં તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, પોલીસે માત્ર તૈયાર કાગળમાં સહી કરવાનુ કહેતા તેઓએ સહી કરી આપેલી. તે સંજોગોમાં ફરિયાદપક્ષ આંક – ૭૦ વાળા પંચનામાની હકીકતો તેમજ આરોપીના બનાવ સમયે પહેરેલા કપડા જે મુદ્દામાલ અર્થે કબજે લેવામાં આવેલા છે તેની હકીકતો સાબિત કરવામાં નિષ્ફળ રહેલ છે.

**૨૬.)** ફરીયાદપક્ષે આ કામે **સાહેદ નં. ૨૦ પંચ વિપુલભાઈ ભીખાભાઈ જોગહવાને આંક–૭૬ થી** સોગંદ ઉપર તપાસેલાં છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, પોલીસે તેઓને એક ખુન કેસમા પંચનામુ કરવાનું હોય તે માટે બોલાવેલા. તે વખતે પોલીસ સ્ટેશને હરેશભાઇ વેલશીભાઇ ગાબુ પણ હાજર હતા જેઓ ખુન કેસના આરોપી હતા. તે વખતે તેઓ, જયદીપભાઇ, હરેશભાઇ વેલશીભાઇ ગાબુ અને પોલીસના સાહેબ બનાવવાળી જગ્યાએ પોલીસની ગાડીમા બેસીને ગયેલા હતા. તે વખતે બનાવવાળી જગ્યા હરેશભાઇ વેલશીભાઇ ગાબુ દેખાડતા હતા. તેઓ ગાડીમા બેસીને જેનું ખુન થઇ ગયેલુ હતું તેમના ઘર પાસે ગાડી લઇને પહોચેલ હતા. ત્યારબાદ તેઓએ ઘરની ઓશરીમા પ્રવેશ કરેલો અને હરેશભાઇએ બધુ દેખાડેલુ. તે વખતે હરેશભાઇએ જે વંડી ઠેકેલો તે બધી વાત કરેલી. જે ઘરમા તેઓ ગયેલા તે ઘર ડેલા વાળુ મકાન હતુ. જેમા બે મકાન આવેલ હતા અને ત્યાં એક મોટી ઉંચી વંડી હતી. હરેશભાઇ વેલશીભાઇ ગાબુએ તેઓ જે ઘરમા ગયેલા ત્યા વંડી પાસેથી વસ્તુઓ પડેલી હતી ત્યાથી મોબાઇલ શોધી બતાવેલો. સાહેદને મુદ્દામાલ આર્ટીકલ 'પી' એક વાદળી કલરનો સેમસંગ કંપનીનો મોબાઇલ બતાવતાં તે જ મોબાઇલ છે જે પંચનામા સમયે આરોપીએ શોધી બતાવેલો. જે મોબાઇલ પર પંચસ્લીપ છે જેમા પંચ નં.૧ તરીકે તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. જે આંક – ૭૭ થી રજુ

રાખેલ છે.

સદરહુ મોબાઇલ વિશે આરોપીએ જણાવેલ કે, મરણ જનાર સાથે બળાત્કાર કરી તેમનું ખુન કરી વંડી ટપીને ભાગવા જતા મોબાઇલ ત્યા પડી ગયેલો અને તે રીતેના પંચનામાનુ લખાણ કરવામાં આવેલું. સાહેદને રીકવરી પંચનામુ બતાવતાં, તેમાં પંચ નં.૧ તરીકે તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે, જે આ કામે આંક – ૭૮ થી રજુ રાખેલ છે. તેઓએ જે મોબાઈલ જોયેલો તેમા સીમકાર્ડ હતુ.

સાહેદને સી.ડી. કોર્ટ રૂબરૂ એક્ષટર્નલ ડીવાઈસ દ્વારા પ્લે કરી બતાવતા, તેમા બે ફોલ્ડર છે જે પૈકી આરોપીના મોબાઇલમા લીધેલા સ્ક્રીન શોટનું ફોલ્ડર બતાવતા તેમા જે સ્ક્રીન શોટ દેખાય છે તે તેમણે પંચનામા સમયે આરોપીના મોબાઇલ ફોનમા બ્રાઉઝીંગ હીસ્ટ્રીમાં જઇ જોયેલા તે જ છે. સદરહુ સી.ડી.માના Aaropi mobile Screenshots વાળા ફોલ્ડરમાના કુલ–૨૬ સ્ક્રીનશોટ સાહેદ ઓળખી બતાવે છે જે સી.ડી. આ કામે આંક–૭૯ થી રજુ રાખેલ છે. સદરહુ સાહેદ આરોપીને નામદાર અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે.

**૨૬.૧)** બચાવપક્ષે થેયલી ઉલટતપાસમાં સાહેદે સ્વીકારેલ છે કે, તેઓ અગાઉ ક્યારેય પંચમા રહેલ નહી. પોલીસ સ્ટેશન ખાતે પ્રાથમિક પંચનામુ કરેલ બાકીનું જગ્યા પર કરેલુ. મુદ્ધામાલ મોબાઇલ કઇ કંપનીનો છે તે કહી શકે નહી. મોબાઇલની માલિકીનો કોઇ આધાર પુરાવો જોયેલો નહી. સાહેદ જણાવે છે કે, તે વ્યકિતએ જણાવેલ કે તેમનો છે. સીમકાર્ડ કઇ કંપનીનુ હતુ તે પણ તેઓ જણાવી શકે નહી. પંચનામુ વાંચી સંભળાવેલ નહી કે તેઓએ વાંચેલ નહી. મોબાઇલના IMEI નંબર તેઓ જણાવી શકે નહી. તેઓએ સરતપાસમા જે હકીકત જણાવેલ છે તે પ્રથમ વખત જણાવેલી. સીમકાર્ડ કોના નામે નોંધાયેલ છે તે તેઓ કહી શકે નહી. પોલીસ તેમને પહેલાથી ઓળખતી ન હતી. તેમને ફરીયાદી મનસુખભાઇએ પંચનામા માટે બોલાવેલા. મનસુખભાઇના કહેવાથી પંચનામામા રહેલા અને પંચમા સહી કરેલી. સદર બે સહી સિવાય વધારાની સહીઓ કરેલી નહી. તેમની રૂબરૂમા મુદ્ધામાલવાળા મોબાઇલમાંથી કોઇ ફોટા પાડેલા નહી અને જોયેલા પણ નહી. આરોપી તેમના ગામના હોવાથી તેઓ બનાવ અગાઉથી ઓળખે છે. સાહેદ

જણાવે છે કે, આરોપીને દિવસે જોયેલો હતો. પોલીસે તેમને તેમનુ નામ, સરનામુ, ઉમર અને ધંધો પુછેલો.

**<u>આરોપીનો મોબાઈલ રીકવરી પંચનામાના પંચસાહેદના પુરાવાનું મુલ્યાંકનઃ</u>**

**૨૬.૨)** ઉપરોક્ત પંચસાહેદની સમગ્રપણે જુબાની જોતાં તેઓના જણાવ્યા અનુસાર પોલીસે આરોપીને સાથે રાખી બનાવવાળી જગ્યાએ બનાવ અંગેની હકીકતો જણાવેલી. પરંતુ તેઓની હાજરીમાં પોલીસે કોઈ કાર્યવાહી કરી હોય તેવુ તેઓને યાદ નથી. બનાવ સંબંધે આરોપીએ પોલીસને કોઈ હકીકતો જણાવેલ હોય તેવુ પણ આ સાહેદ કોર્ટ રૂબરૂ જણાવતા નથી. સાહેદના જણાવ્યા અનુસાર આરોપીએ એક મુદ્દામાલ રજૂ કરેલો અને મરણજનારનુ ખુન કરી વંડી ટપીને ભાગવા જતાં મોબાઈલ ત્યા પડી ગયેલો તેવુ આરોપીએ જણાવેલ. આરોપીપક્ષ તરફે થયેલી ઉલટતપાસ જોતા તેઓના જણાવ્યા અનુસાર આ મોબાઈલની માલિકી અંગેનો કોઈ પુરાવો તેઓએ જોયેલ નથી. તેમજ આ મોબાઈલમાં રહેલ સીમકાર્ડ કોનુ હતુ તેની પણ તેઓને ખબર નથી. આ સાહેદના જણાવ્યા અનુસાર ફરિયાદીએ તેઓને પંચનામા માટે બોલાવેલા જેથી તેઓએ પંચનામામાં સહી કરેલી. તે સંજોગોમાં આ પંચસાહેદની સમગ્રપણે જુબાની જોતા આરોપીએ કોઈ મોબાઈલ તેઓની હાજરીમાં રજૂ કર્યો હોય તેવી કોઈ હકીકત સાબિત કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ રહેલ છે અને ફરિયાદીના કહેવાથી આ પંચસાહેદ પંચનામામાં રહેલ હોવાની હકીકત પુરવાર થાય છે.

**૨૭.)** ફરીયાદપક્ષે આ કામે **સાહેદ નં. ૨૧ પંચ રાજેશભાઈ દડુભાઈ જેબલીયાને આંક – ૮૦ થી** સોગંદ ઉપર તપાસેલાં છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, આશરે એકાદ વરસ પહેલા પાળીયાદ પોલીસે તેઓને બોલાવેલા તે વખતે તેમની સાથે બીજુ કોઇ હતુ નહી. તે વખતે પાળીયાદ ગામે એક વૃધ્ધાનુ ખુન અને બળાત્કાર થયેલ તે કેસમા હથિયાર જપ્ત કરવાનુ હોય તે બાબતની કામગીરી કરવાની હોય પોલીસે તેમને બોલાવેલા. તે વખતે પોલીસ સ્ટેશનમાં આરોપી હાજર હતા કે કેમ તે તેમને ખ્યાલ નથી. તેમને પોલીસ સાથે કોઇ જગ્યાએ જવાનુ થયેલ નહી. સાહેદને મુદ્દામાલ આર્ટીકલ 'ક્યુ' વાળી તલવાર બતાવતા, તે બાબતે તેઓ કાંઈ જાણતા નથી. સદરહુ મુદ્દામાલ સાથે નિકળેલ પંચસ્લીપ સાહેદને બતાવતા

તેમાં પોતાની સહી ઓળખી બતાવે છે, જે આ કામે આંક – ૮૧ થી રજુ રાખેલ છે. સાહેદને મુદ્દામાલ હથિયાર રીકવરીનું ડીસ્કવરી પંચનામુ બતાવતા તેમાં પંચ નં.૧ તરીકે પોતાની સહી ઓળખી બતાવી, આંક – ૮૨ થી રજુ રાખેલ છે. આરોપીને તેઓ ઓળખતા નથી.

સદરહુ સાહેદ પંચનામાની હકીકતોને સમર્થનકારી પુરાવો રજુ રાખતા ન હોય એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરી, ઉલટતપાસ કરવાની પરવાનગી માંગતા, જે અન્વયે મંજુરી આપી ઉલટતપાસ કરતાં, કોઈ મહત્વની હકીકત બહાર આવેલી નથી.

**૨૭.૧)** બચાવપક્ષે થેયલી ઉલટતપાસમાં સાહેદે સ્વીકારેલ છે કે, તેમને પોલીસે ફક્ત નામ, સરનામુ પુછેલુ. પોલીસે એક કાગળ તૈયાર કરેલ અને તેમા તેમને સહી કરવાનુ કહેતા તેમણે સહી કરેલી. તેમની રૂબરૂમા આવુ કોઈ મુદ્દામાલ હથિયાર કબ્જે કરવામા આવેલ નથી.

<u>**ડીસ્કવરી પંચનામાના પંચસાહેદના પુરાવાનું મુલ્યાંકનઃ**</u>

**૨૭.૨)** ઉપરોક્ત પંચસાહેદની સમગ્રપણે જુબાની જોતાં તેઓના જણાવ્યા અનુસાર પોલીસે તેઓને હથિયાર કબજે કરવાનું હોય તે અંગેની કાર્યવાહી માટે બોલાવેલા. પરંતુ તે વખતે આરોપી હાજર હતો કે કેમ તેનો તેઓને ખ્યાલ નથી. આ પંચસાહેદના જણાવ્યા અનુસાર તેઓ પોલીસ સાથે કોઈ જગ્યાએ ગયેલા નથી કે આરોપીએ તેઓની હાજરીમાં ગુનો કરવામાં ઉપયોગ કરેલ હથિયાર તલવાર બતાવી હોય તેવુ બનેલ નથી. સદરહુ પંચસાહેદ પંચનામાની કોઈ હકીકતોને સમર્થન આપતા નથી. તે સંજોગોમાં ફરિયાદપક્ષ આંક – ૮૨ વાળુ પંચનામુ સાબિત કરવામાં નિષ્ફળ રહેલ છે.

**૨૮.)** ફરીયાદપક્ષે આ કામે **સાહેદ નં. ૨૨ પંચ લાલજીભાઈ કમાભાઈ જોગાહવાને આંક – ૮૩ થી** સોગંદ ઉપર તપાસેલાં છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, આશરે દોઢેક વરસ પહેલા પાળીયાદ પોલીસે તેઓને બોલાવેલા અને સહી કરવાનુ કહેતા તેઓએ સહી કરેલી. આ સહી શી બાબતની હતી તેની તેમને ખબર નથી. તે વખતે તેમની સાથે બીજુ કોઈ હતુ નહી. તેમને પોલીસ સાથે કોઈ જગ્યાએ જવાનુ થયેલ નહી. સદરહુ સાહેદને મુદ્દામાલ આર્ટીકલ 'ક્યુ' વાળી તલવાર બતાવતા, સદરહુ તલવાર બાબતે તેઓ કાંઈ જાણતા નથી. સાહેદને આંક–૮૧ વાળી પંચસ્લીપ બતાવતા,

તેમાં પોતાની સહી ઓળખી બતાવે છે. તેમજ આંક – ૮૨ થી રજુ હથિયાર રીકવરીનુ ડીસ્કવરી પંચનામુ બતાવતા, તેમાં પંચ નં.૨ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે.

વધુમાં સદરહુ સાહેદને આરોપીના બ્લડ સેમ્પલની શીશી બતાવતા તે અંગે તેઓ કાઈ જાણતા ન હોવાનુ જણાવેલ છે. આ સાહેદને આરોપીના બ્લડ સેમ્પલો કબજે કર્યા અંગેનુ પંચનામુ બતાવતા, તેમાં પંચ નં. ૨ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે જે આંક – ૮૩ થી રજુ રાખેલ છે. આરોપીને તેઓ ઓળખતા નથી.

સદરહુ સાહેદ પંચનામાની હકીકતોને સમર્થનકારી પુરાવો રજુ રાખતા ન હોય એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરી, ઉલટતપાસ કરવાની પરવાનગી માંગતા, જે અન્વયે મંજુરી આપી ઉલટતપાસ કરતાં, કોઈ મહત્વની હકીકત બહાર આવેલી નથી.

**૨૮.૧)** બચાવપક્ષે થેયલી ઉલટતપાસમાં સાહેદે સ્વીકારેલ છે કે, તેમને પોલીસે ફક્ત નામ, સરનામુ પુછેલુ. પોલીસે એક કાગળ તૈયાર કરેલ અને તેમા તેમને સહી કરવાનુ કહેતા તેમણે સહી કરેલી. તેમની રૂબરૂમા આવુ કોઈ મુદ્દામાલ હથિયાર કબ્જે કરવામા આવેલ નથી.

**<u>ડીસ્કવરી તથા આરોપીના બ્લડ સેમ્પલના નમુના કબજે કર્યા અંગેના પંચનામાના પંચસાહેદના પુરાવાનુ મુલ્યાંકનઃ</u>**

**૨૮.૨)** ઉપરોક્ત પંચસાહેદની સમગ્રપણે જુબાની જોતાં તેઓ આંક – ૮૨ વાળા હથિયાર ડીસ્કવરી પંચનામાની કોઈ હકીકતોને સોગંદ ઉપર સમર્થન આપતા નથી તેમજ આંક – ૮૪ વાળા બ્લડ સેમ્પલના નમુના તેઓની હાજરીમાં લેવામાં આવ્યા હોય તેવી પણ કોઈ હકીકતોને સમર્થન આપતા નથી. આ પંચસાહેદના જણાવ્યા અનુસાર પોલીસે માત્ર તેઓનુ નામ, સરનામુ પુછેલુ. તે સિવાય તેમની હાજરીમાં પંચનામાની કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. તે સંજોગોમાં આ પંચસાહેદની જુબાનીના આધારે ફરિયાદપક્ષ આંક – ૮૨ તથા આંક – ૮૪ વાળા પંચનામાની હકીકતો સોગંદ ઉપર પુરવાર કરી શકેલ નથી.

**૨૯.)** ફરીયાદપક્ષે આ કામે **સાહેદ નં. ૨૩ તપાસ કરનાર અધિકારી અર્ચના મુકેશભાઈ રાવલને આંક – ૮૭ થી** સોગંદ ઉપર તપાસેલાં છે.

તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તા.૦૩/૦૬/૨૦૨૩ ના રોજ તેઓ પાળીયાદ પોલીસ સ્ટેશન ખાતે પો.સ.ઈ. તરીકે તેમની ફરજ પર હાજર હતા ત્યારે પી.એસ.ઓ. પાળીયાદનાઓએ તા.૦૩/૦૬/૨૦૨૩ ની સ્ટે.ડા. અનુ.નં. ૨૦ ના અનુસંધાને તેઓને જાણ કરેલ કે, એક ભરતભાઈ ચતુરભાઈ ગોહેલ તથા અશ્વીનભાઈ હરજીભાઈ બારૈયા પોલીસ સ્ટેશન. ખાતે આવી જાહેર કરે છે કે મનસુખભાઈ કે જે મરણજનારના દીકરા છે તેઓનો ભરતભાઈ ઉપર ફોન આવેલ અને કહેલ કે ઘરે જઈને તપાસ કરો મારા બા ધનીબેન ઘરનો દરવાજો ખોલતા નથી. જેથી તેઓએ એક પી.સી.આર. વાન ત્યા મરણજનારના ઘરે રવાના કરેલ. પી.સી.આર વાન ત્યાં પહોચી ત્યારે ઘણા બધા લોકો સ્થળ પર ભેગા થઈ ગયેલા હતા. ત્યારબાદ મરણજનારના ઘરે પોલીસ સ્ટાફના તથા આજુબાજુના લોકો ભેગા થઈ ગયેલા અને ત્યારબાદ તેઓ પણ બનાવ સ્થળે પોહચેલા. તે વખતે સાથે આવેલ ભરતભાઈ મરણજનારના ઘરમા પડોશીના ઘરની વંડી પર ચડી જોતા મરણજનાર નિર્વસ્ત્ર હાલતમાં હતા. ત્યારબાદ તેઓએ અંદર જઈ દરવાજો ખોલતા તેઓ તથા પોલીસ સ્ટાફના માણસો તથા ઉપરોકત બન્ને ઈસમો ઘરમા દાખલ થયેલ. ત્યા જઈ જોતા મરણજનાર ધનીબેન નિર્વસ્ત્ર હાલતમા ખાટલા પર હતા અને તેમના ગળા પર કપડા બાંધેલ હતા અને તેઓની જીભ બહાર નીકળેલી હતી. જેથી તેઓએ આ બાબતે ૧૦૮ માં ફોન કરેલો હતો. સદર સ્ટેશન ડાયરી નં.૨૦ વાળી નોંધ તેઓને બતાવતા, તે ઓળખી બતાવી આંક – ૮૮ થી રજુ રાખેલ છે.

ત્યારબાદ ૧૦૮ આવતા તેના જાણકાર સ્ટાફે ધનીબેનને મરણ ગયેલ જાહેર કરેલ. ત્યારબાદ મરણજનારની લાશનું ઈન્કવેસ્ટ ભરવા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, બોટાદને યાદી કરેલી જે યાદી તેઓને બતાવતાં, તેઓ ઓળખી બતાવે છે જે આ કામે આંક – ૮૯ થી રજુ રાખેલ છે. ત્યારબાદ આ લાશનું પી.એમ. કરવા માટે સી.એચ.સી. પાળીયાદ ખાતે મોકલવામા આવેલ જે યાદી આ કામે આંક–૧૬ થી રજુ છે. ત્યારબાદ મરણજનારનુ એમ.ઓ. ફોર્મ તૈયાર કરેલુ જે યાદી તેઓને બતાવતા તેમા તેમની સહી છે જે ઓળખી બતાવી, આંક – ૯ થી રજુ રાખેલ છે. ત્યારબાદ એક્ઝી. મેજીશ્રી બોટાદનાઓ સ્થળ પર આવતા નજીકમાંથી એક પુરૂષ અને મહિલા પંચ

બોલાવી મરણજનાર ધનીબેન વા.ઓ. નાગરભાઈ મીતલીયાની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ કરવામા આવેલ. જે પંચનામુ આ કામે આંક–૨૩ થી રજુ છે જેમા પંચોની તથા તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. ત્યારબાદ મરણજનાર ધનીબેનની લાશનું પેનલ પી.એમ. કરવુ જરૂરી હોય તેઓની લાશ સર.ટી. હોસ્પિટલ ભાવનગર ખાતે મોકલવામા આવેલ અને તેઓની લાશનું પેનલથી પી.એમ. કરવા સર.ટી. હોસ્પિટલ ભાવનગરને યાદી કરવામા આવેલ જે યાદી આ કામે રજુ રાખેલ છે. પેનલ પી.એમ. કરવા માટે એસ.પી શ્રીનો ઓથોરીટી લેટર મેળવી કામમા સામેલ રાખેલ.

ત્યારબાદ મરણજનાર ધનીબેનની સાથે બળાત્કાર કરી તેઓની હત્યા કરવામા આવેલ હોય તેમના દિકરા મનસુખભાઈ નાગરભાઈનાઓએ તેઓ રૂબરૂ આરોપી હરેશભાઈ વેલશીભાઈ ગાબુ વિરૂધ્ધ તેઓના લખાવ્યા મુજબની ફરીયાદ આપેલ જે ફરીયાદ આ કામે આંક–૨૧ થી રજુ છે જેમા ફરીયાદીની તથા તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. ત્યારબાદ ફરીયાદ મુજબનો ગુન્હો રજીસ્ટર કરેલો અને ત્યારબાદ સદરહુ ગુન્હાની તપાસ તેઓએ જાતે જ સંભાળેલી. જે તપાસ સંભાળ્યા બાબતનો હુકમ આ કામે આંક – ૯૨ થી રજુ રાખેલ છે. ત્યારબાદ તપાસના કામે ગુન્હાવાળી જગ્યાનુ સ્થાનિક એફ.એસ.એલ. અધિકારીની હાજરીમા બે પંચોની રૂબરૂમા પંચનામુ કરેલુ જે પંચનામામા તેમની તથા પંચોની સહી છે જે ઓળખી બતાવે છે. આ પંચનામાની વિગતે સ્થળ પરથી ભુખરા ડાઘા વાળી ખાટલામાની દોરી કંટ્રોલ દોરી, કોટન થ્રેડ, કોટન કંટ્રોલ થ્રેડ, મરણજનારના કપડાના નમુના તથા દોરીના ત્રણ ટુકડા કબજે લીધેલા તથા એક જુનો મેલા જેવો કાપડનો સુતરાઉ ટુકડો જે પાયા સાથે બાંધેલ હતો તે ગાઠ છોડી કબજે લીધેલો. તેમજ ખાટલા નીચે લોહી હતુ તે ડાઘા ઉપર એક કોટન થ્રેડ ઘસી કબજે લીધેલ તેમજ નજીકમાથી એક કંટ્રોલ સેમ્પલ તરીકે કોટન થ્રેડ કબજે લીધેલ. જે અંગેનુ પંચનામુ પંચો રૂબરૂ કરવામા આવેલ. જે પંચનામુ આ કામે આંક–૫૩ થી રજુ છે તે ઓળખી બતાવે છે. તેમજ સ્થાનિક એફ.એસ.એલ. અધિકારીએ સ્થળ પરીક્ષણ અહેવાલ તૈયાર કરી તેઓને સોંપેલ જે આ કામે આંક–૪૫ થી રજુ રાખેલ છે. તેમજ તેઓએ આ કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા. તેમજ આરોપી હરેશભાઈ

વેલશીભાઈ ગાબુને અટક કરવામા આવેલ અને બનાવ વખતે પહેરેલ કપડા પંચનામાની વિગતે કબજે લીધેલ જેમા શર્ટ, પેન્ટ, બનીયાન, નીકર હતા. જે અટક તથા કપડા કબજે લીધાનુ પંચનામુ આ કામે આંક−૭૦ થી રજુ છે. જેમા તેમની તથા પંચોની સહી છે જે ઓળખી બતાવે છે.

ત્યારબાદ આરોપીની અટક બદલની સ્ટે.ડા.મા નોંધ કરેલી. જે નોંધ તેઓને બતાવતા, તેમાં પોતાની સહી ઓળખી બતાવી આંક − ૯૩ થી રજુ રાખેલ છે. તેમજ આરોપીને અટક કર્યા બાબતની જાણ એસ.પી.શ્રી બોટાદને કરેલી. જે યાદી આ કામે આંક − ૯૪ થી રજુ રાખેલ છે. ત્યારબાદ આરોપીની પુછપરછ દરમ્યાને તેણે બનાવ બાદ ભાગતી વખતે પોતાનો મોબાઈલ મરણજનારના ઘરની દીવાલ પાસે પડી ગયેલાનું જણાવતો હોય અને તે મુદામાલ શોધી બતાવવા માગતો હોય નજીકમાંથી બે પંચો પોલીસ સ્ટેશન. બોલાવી આંક−૭૮ વાળા પંચનામાની વિગતે ડીસ્કવરી કરી મોબાઈલ શોધી ગુન્હાના કામે કબજે લીધેલ. તેમજ આ કામે પંચોની હાજરીમાં આરોપીને સરકારી વાહનમાં બેસાડી આરોપીના કહ્યા મુજબ વાહન ચલાવી મરણજનારના ઘર પાસે સરકારી વાહન પહોચતા આરોપીએ વાહન ઉભુ રાખવાનું કહેતા મરણજનાના ઘર પાસે વાહન ઉભુ રખાવેલ અને ઘરમા અંદર દાખલ થઈ આરોપીએ મોબાઈલ રસોડાની બાજુમા આવેલ જગ્યામાથી શોધી બતાવેલ તેમજ મોબાઈલ કઈ રીતે પડી ગયેલ તે હકીકત જણાવેલ. ત્યારબાદ આરોપી તેની પુછપરછ દરમ્યાન ગુન્હામા વાપરેલ તલવાર શોધી બતાવવા માગતા હોય જેથી નજીકમાથી બે પંચો બોલાવી પંચોને તથા આરોપીને સાથે રાખી આરોપીના બતાવ્યા મુજબની જગ્યાએ જઈ આરોપીએ તલવાર જે જગ્યાએ સંતાડેલ હતી તે આરોપીએ શોધી બતાવેલ અને તેને ગુન્હાના કામે કબજે લીધેલ જે પંચનામુ આ કામે આંક−૮૨ થી રજુ રાખેલ છે.

ત્યારબાદ આ કામે મરણજનારના ઘરનુ લાઈટબીલ મેળવી તપાસમાં સામેલ રાખેલ, જે આ કામે આંક − ૯૫ થી રજુ છે. ત્યારબાદ મરણજનાર ધનીબેનના પી.એમ. દરમ્યાન સર.ટી. હોસ્પિટલ ભાવનગર ખાતે નમુનાઓ લેવામા આવેલ જે નમુનાઓ ભાવનગર હોસ્પિટલ ખાતેથી હેડ કોન્સ ભાવેશભાઈ નકુભાઈ પરમારનાઓએ લાવી રજુ કરેલ જે

પંચનામાની વિગતે કબજે લીધેલ. તેમજ બનાવ સમયે મહે.ડી.એમ. સાહેબ બોટાદનું હથીયાર બંધી જાહેરનામુ અમલમા હોય જે જાહેરનામુ મેળવી કામમા સામેલ રાખેલુ. ત્યારબાદ આ કામે આરોપીના ડી.એન.એ. માટે લોહીના નમુના લેવા માટે સી.એચ.સી. પાળીયાદને યાદી કરેલી. ત્યારબાદ સી.એચ.સી. પાળીયાદ ખાતેથી આરોપીના લોહીના નમુનાઓ હેડ કોન્સ. વિક્રમસિંહ હાલુભા પરમાર નાઓએ લાવી રજુ કરેલા જે પંચનામાની વિગતે કબજે લીધેલા.ત્યારબાદ આ કામે મરણજનારની પી.એમ. નોટ મેળવવા માટે યાદી કરેલી. જે યાદી આંક – ૯૬ થી રજુ રાખેલ છે. ત્યારબાદ તપાસના કામે કબજે કરવામા આવેલ મુદામાલ ડી.એન.એ તથા એફ.એસ.એલ પૃથ્થકરણ માટે રવાનગી નોંધ તથા રવાનગી પત્રક સાથે મોકલવામા આવેલ, જે યાદી આંક – ૯૭ થી રજુ રાખેલ છે. ત્યારબાદ રીમાન્ડ પરના આરોપીની મેડીકલ તપાસણી કરવા સી.એચ.સી. પાળીયાદને યાદી કરેલી. તેમજ મુદામાલ મળ્યા અંગેની પહોચો આવતા કામમા સામેલ રાખેલ, જે આ કામે આંક – ૯૮, ૯૯, ૧૦૦ થી રજુ છે. તેમજ આ કામે આરોપીએ ફરીયાદીના ઘરે અપપ્રવેશ કરી ગુન્હો આચરેલ હોય જેથી કલમ ઉમેરાનો રીપોર્ટ નામ.કોર્ટમા કરેલો. જે રીપોર્ટ આંક – ૧૦૧ થી રજુ રાખેલ છે.

ત્યારબાદ સાહેદોના સી.આર.પી.સી. કલમ–૧૬૪નુ નિવેદન લેવા નામ.ચીફ કોર્ટ, બોટાદને યાદી કરેલી, જે યાદી આ કામે આંક – ૧૦૨ થી રજુ રાખેલ છે. તેમજ આ કામે એફ.એસ.એલ. જુનાગઢ તરફથી ઝેર શાસ્ત્ર તથા બાયોલોજી સીરોલોજી અહેવાલ આવતા તે ફોરવર્ડીંગ પત્ર સાથે કામમા સામેલ રાખેલ, જે આ કામે આંક –૧૦૩ તથા ૧૦૪ થી રજુ રાખેલ છે. ત્યારબાદ આરોપી પાસેથી તપાસના કામે જે મોબાઈલ કબજે કરવામા આવેલ હતો તે મોબાઈલ પંચો રૂબરૂ જોતા તે મોબાઈલમા કોઈ લોક ન હતો અને તેમા તેની છેલ્લા ત્રણ દિવસની ગુગલ હીસ્ટ્રી જોયેલ અને તેના તમામના સ્ક્રીન શોટ લઈ તેની સી.ડી. બનાવી તપાસના કામે કબજે લીધેલી જે સી.ડી. જયરાજભાઈ લાભુભાઈ મેણીયાએ બનાવી આપેલી અને તેઓએ આ સ્ક્રીન શોટ તથા બનાવવાળી જગ્યાના ફોટાની સી.ડી. બનાવ્યા બાબતે ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૬૫(બી) મુજબનુ પ્રમાણપત્ર બનાવી આપેલ. આ કામે સર્કલ ઈન્સપેક્ટરશ્રી બોટાદનાઓ તરફ થી તેમના ફોર્વડીંગ પત્ર

સાથે ગુન્હાવાળી જગ્યાનો નકશો તૈયાર થઈ આવતા કામમા સામેલ રાખેલ. ત્યારબાદ ડી.એફ.એસ. ગાંધીનગર તરફથી ફોરેન્સીક એક્ઝામીનેશ રીપોર્ટ ચાર્જશીટ બાદ આવેલ. જે આ કામે રજુ રાખેલ છે. આરોપીની તેઓએ અટક કરેલ હોવાથી તેને નામદાર અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે. સદરહુ સાહેદને મુદ્દામાલ બતાવતા સદર મુદામાલ તેઓએ તપાસના કામે કબજે લીધેલ જેથી તેઓ ઓળખી બતાવે છે. તેમજ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા નામદાર કોર્ટમા ચાર્જશીટ કરેલુ.

**૨૯.૧)** બચાવપક્ષે થેયલી ઉલટતપાસમાં સાહેદે સ્વીકારેલ છે કે, ફરીયાદમાં ફરીયાદ લખવાની શરૂઆત તથા પુરી કરવાનો સમય લખેલ નથી. ફરીયાદ એક દિવસ મોડી આપવામા આવેલ છે. બનાવ બાદથી ફરીયાદ આપી તે સમય દરમ્યાન તેઓ સતત બનાવ સ્થળે જ હતા. ફરીયાદી તેમને રાત્રીના ૯ થી ૧૦ ની વચ્ચે પંચપીરની દરગાહ જે બનાવ સ્થળની નજીક છે ત્યા મળેલ. પંચપીરની દરગાહ બનાવનુ સ્થળ નથી. બનાવ બાદથી ફરીયાદ આપી તે દરમ્યાન ફરીયાદી કે મરણજનારના કોઈ સગાઓએ પાળીયાદ પોલીસ સ્ટેશનમાં કે સી.એચ.સી. ખાતે કોઈ ફરીયાદ દાખલ કરાવેલ નહી. તેઓએ ફરીયાદી તેમને મળેલા તે વખતે બનાવ બાબતે પુછપરછ કરેલી. સ્ટેશન ડાયરીની નકલ આ કામની ચાર્જશીટ સાથે રજુ કરેલ નથી કે રજુ પણ કરેલ નથી. તમોએ સી.એચ.સી. બોટાદને યાદી કરેલી છે.? તેના જવાબમાં સાહેદે જણાવેલ છે કે, ટાઈપ મીસ્ટેક છે ખરી હકીકતે સી.એચ.સી. પાળીયાદને યાદી કરેલ છે. તેઓ મરણજનારને આશરે ૭:૩૦ થી ૮:૦૦ દરમ્યાન સી.એચ.સી. પાળીયાદ ખાતે લઈ ગયેલ. મનસુખભાઈએ ટેલીફોન દ્વારા પોલીસ સ્ટેશનમાં જાણ કરેલ નહી. ત.ક.અ જણાવે છે કે, તેઓએ મનસુખભાઈને બનાવ સ્થળેથી જાણ કરેલી. તેઓએ તેમની તપાસ દરમ્યાન લીલાબેન હરીભાઈનુ નિવેદન લીધેલ નથી. બનાવની આજુબાજુમા રહેણાંકના મકાનો આવેલા છે અને જાહેર રોડ પર આ મકાન આવેલા છે. આંક–૫૩ વાળા પંચાનામા ભુખરા ડાઘા વાળી કંટ્રોલ દોરી શબ્દનો ઉલ્લેખ કરેલ નથી. આ કામે આરોપીના મોબાઈલમાંથી મેળવેલ સ્ક્રીનશોટ તથા ફોટા એફ.એસ.એલ. તપાસણી માટે નક્કી કરેલ નથી. ફરીયાદી તથા સાહેદોને મુદ્દામાલ બતાવી કોઈ ખરાઈ કરવામાં આવેલ નથી.

<u>**તપાસ કરનાર અધિકારીશ્રીના પુરાવાનુ મુલ્યાંકનઃ**</u>

**૨૯.૨)** ઉપરોક્ત તપાસ કરનાર અધિકારીની સમગ્રપણે જુબાની જોતાં તેઓના જણાવ્યા અનુસાર તા.૦૩/૦૬/૨૦૨૩ ના રોજ ફરિયાદી દ્વારા તેમની માતા ઘરનો દરવાજો ખોલતા ન હોય તે અંગેની તપાસ કરવાનુ કહેતા તેઓ બનાવ સ્થળે ગયેલા અને ઘરની વંડી પર જઈને જોતા મરણજનાર નિર્વસ્ત્ર હાલતમાં પડેલા હતા અને ત્યારબાદ અંદર જઈ ઘરનો દરવાજો ખોલી ઘરમાં દાખલ થયેલા ત્યારે મરણજનારના ગળા ઉપર કપડુ બાંધેલ હતું, જે અંગે તેઓએ જરૂરી કાર્યવાહી કરી ઈન્કવેસ્ટ પંચનામુ કરી અને જરૂરી બનાવવાળી જગ્યાના પંચનામા કરી ગુનો રજીસ્ટર કરેલો અને આ બનાવ અંગેની તપાસ શરૂ કરેલી. તપાસ કરનાર અધિકારીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ ફરિયાદ એક દિવસ મોડી આપવામાં આવેલી. તે સંજોગોમાં આ ફરિયાદ શા માટે એક દિવસ મોડી આપવામાં આવેલી તે અંગેની કોઈ હકીકતો આંક -૨૧ વાળી ફરિયાદ ઉપરથી જણાતી નથી. તપાસ કરનાર અધિકારીશ્રીએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, આ ફરિયાદ દાખલ થઈ તે અગાઉ મરણજનારના કોઈ સગાઓએ કોઈ જગ્યાએ ફરિયાદ દાખલ કરેલ ન હતી. તપાસ કરનાર અધિકારી દ્વારા આ કેસના આરોપી પાસેથી ગુનામાં વાપરવામાં આવેલ તલવાર આરોપીએ તેઓની હાજરીમાં પંચોની હાજરીમાં રજૂ કરેલી જે અંગેનુ પંચનામુ કરવામાં આવેલ તેવુ જણાવેલ છે. પરંતુ સદરહુ પંચનામાના પંચસાહેદો પંચનામાની કોઈ હકીકતોને સમર્થન આપતા નથી. વિશેષમાં આરોપીએ બનાવ બાદ ભાગતી વખતે પોતાનો જે મોબાઈલ ફોન મરણજનારના ઘરની દીવાલ પાસે પડી ગયેલ હોવાનુ જણાવેલ છે તે પંચ સાહેદની હાજરીમાં કબજે લીધેલ. પરંતુ આ પંચનામુ પણ ફરિયાદપક્ષ શંકારહિત સાબિત કરી શકેલ નથી. વિશેષમાં, ઈન્કવેસ્ટ પંચનામુ તથા બનાવવાળી જગ્યાનુ પંચનામુ કરવામાં આવેલ છે. પરંતુ સદર પંચનામા પણ શંકારહિત સાબિત કરવામાં નિષ્ફળ રહેલ છે અને પંચસાહેદો પંચનામાની હકીકતોને સમર્થન આપતા નથી. વિશેષમાં સાહેદોના જે સી.આર.પી.સી. કલમ – ૧૬૪ હેઠળના નિવેદનો લેવામાં આવેલા છે તે અંગે સદરહુ સાહેદોની કોર્ટ રૂબરૂની જુબાની જોતા તેઓએ ઘણી વિરોધાભાસી હકીકતો જણાવેલી છે, જેના આધારે આરોપીને આ ગુનામાં સાંકળી શકાય

તેવો કોઈ પુરાવો પ્રાપ્ત થતો નથી. તે સંજોગોમાં તપાસ કરનાર અધિકારીશ્રી દ્વારા આ બનાવ સંબંધે યોગ્ય રીતે તપાસ કરી હોય તેવુ જણાતુ નથી. સદરહુ તપાસ કરનાર અધિકારીશ્રી દ્વારા જે સાહેદોના નિવેદનો લેવામાં આવેલા છે તેઓ પણ બનાવની હકીકતોને સોગંદ ઉપર સમર્થન આપતા નથી અને આરોપીપક્ષ તરફે થયેલી ઉલટતપાસ જોતા તેઓ દ્વારા સરતપાસથી વિપરીત હકીકતો જણાવવામાં આવેલી છે. તે સંજોગોમાં તપાસ કરનાર અધિકારીશ્રી દ્વારા હાલના આરોપી વિરૂદ્ધ સદરહુ બનાવ સબંધે યોગ્ય તપાસ કરી પુરતો પુરાવો મેળવવામાં આવ્યો હોય તેવુ જણાતુ નથી. તે સંજોગોમાં તપાસ કરનાર અધિકારીશ્રીની જુબાનીના આધારે તેમજ તેઓ દ્વારા રજુ થયેલ સાક્ષીઓના નિવેદનો તેમજ પંચનામા શંકારહિત પુરવાર થતા ન હોય, આરોપીને આ ગુનામાં સાંકળી શકાય તેવો કોઈ પુરાવો પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ રહેલ છે.

૩૦.) ફરીયાદપક્ષે આ કામે **સાહેદ નં. ૨૪ સાયન્ટીફિક ઓફિસર આશીષકુમાર મુકેશભાઈ દેસાઈને આંક – ૧૦૬ થી** સોગંદ ઉપર તપાસેલાં છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તા.૧૫/૦૬/૨૦૨૩ ના રોજ તેઓ ડી.એફ.એસ. કચેરી ગાંધીનગરમાં ડી.એન.એ. વિભાગ ખાતે સાયન્ટીફીક ઓફીસર તરીકે ફરજ પર હતા તે વખતે પાળીયાદ પોલીસ સ્ટેશન તરફથી ફર્સ્ટ ૨૪૮/૨૦૨૩ ના ગુનાના કામે કુલ છ સીલ બંધ મુદ્દામાલ ડી.એન.એ. પરીક્ષણ માટે મળેલ હતા. જે નમુનાઓ તેમણે ઓર્ગેનિક પધ્ધતિથી ડી.એન.એ. પરીક્ષણ કરેલ જેમા આર્ટીકલ જે–૧ થી જે–૫ માં રૂધીરની હાજરી મળેલ હતી. જેનુ ડી.એન.એ. પ્રોફાઈલ મરણજનારના ડી.એન.એ. પ્રોફાઈલ સાથે મેચ થતુ હતુ તથા જે–૬ મા રૂધીરના ડાઘા તથા વાળની હાજરી જોવા મળેલ હતી તેમાથી રૂધીરની ડી.એન.એ. પ્રોફાઈલ મરણજનારના ડી.એન.એ. પ્રોફાઈલ સાથે મેચ થતી હતી અને વાળનું ડી.એન.એ. પ્રોફાઈલ આરોપીના ડી.એન.એ. પ્રોફાઈલ સાથે મેચ થતુ હતુ.

આર્ટીકલ 'કે'નુ પરીક્ષણ કરતા તેના નમુના આર્ટીકલ 'કે–૧' માથી રૂધીરની હાજરી જોવા મળેલ હતી. કે–૨ માંથી પણ રૂધીરની હાજરી જોવા મળેલ હતી. કે–૪, ૫, ૬, ૭ માથી રૂધીરની હાજરી જોવા મળેલી. જેનુ ડી.એન.એ. પ્રોફાઈલ મરણજનારના ડી.એન.એ. પ્રોફાઈલ સાથે મેચ થતું

હતું. આર્ટીકલ 'કે–૩' માથી લાળની હાજરી જોવા મળેલી હતી. જેમા આરોપીના ડી.એન.એ. પ્રોફાઈલની હાજરી જોવા મળેલ હતી. આર્ટીકલ 'કે–૮' માંથી લોહી અને વીર્યની હાજરી જોવા મળેલ હતી. જેમા આરોપીના ડી.એન.એ. પ્રોફાઈલની હાજરી જોવા મળેલ હતી. આરોપીના નીકર આર્ટીકલ 'ઓ' માં વીર્યની હાજરી જોવા મળેલ હતી જે આરોપીના ડી.એન.એ. પ્રોફાઈલ સાથે મેચ થતુ હતું. સદર પરીક્ષણ બાદ તેમણે આખરી અહેવાલ તૈયાર કરેલો. જે અસલ અહેવાલ તેઓને બતાવતાં, તેમાં પોતાની સહી ઓળખી બતાવે છે જે આ કામે આંક – ૧૦૫ થી રજુ રાખેલ છે.

૩૦.૧) બચાવપક્ષે થેયલી ઉલટતપાસમાં સાહેદે સ્વીકારેલ છે કે, તેઓ ડી.એન.એ. વિભાગમાં સને ૨૦૧૮ થી ફરજ બજાવે છે. તેમની કચેરીમાં આવતા સેમ્પલો માટે ઈનવર્ડ આઉટવર્ડ રજીસ્ટર રાખવામાં આવે છે. ફોરેન્સિક એક્ઝામીનેશન રીપોર્ટ મુજબ મુદ્દામાલ તા.૦૯/૦૬/૨૦૨૩ ના રોજ મળેલો છે. ડી.એન.એ. સેમ્પલો ટ્રેઈન ડોક્ટરે મેળવેલા કે કેમ તે તેઓ કહી શકે નહી. સદરહુ સેમ્પલો એકત્રિત થયા બાદ તેમને તા.૧૫/૦૬/૨૦૨૩ ના રોજ મળેલા. સદરહુ સેમ્પલો મળ્યા પહેલા આ સેમ્પલ કોણે હેન્ડલ કર્યુ હતુ અને તેમા તેના હસ્તાક્ષરો નોંધાયા હતા તે કહી શકે નહી. તેઓએ પ્રમાણિત ડી.એન.એ. પદ્ધતિથી પરીક્ષણ કર્યુ હતુ. ડી.એન.એ. ટેસ્ટ સમયે નેગેટીવ અને પોઝીટીવ કન્ટ્રોલ વપરાયા હતાં. જો કોઈ જીવીત વ્યક્તિની વજાઈનામાંથી ત્રણ દિવસમાં શુક્રાણુઓ લેવામાં ન આવે તો તે શુક્રાણુ જીવીત રહે નહી. બ્લડ સેમ્પલ અને સીમેન સેમ્પલનુ ૨૪ કલાકમાં પૃથ્થકરણ થઈ જવુ જોઈએ. જો તેને યોગ્ય રીતે પ્રીઝર્વ કરવામાં આવે તો ૨૪ કલાક બાદ પણ પરીણામ મેળવી શકાય. પૃથ્થકરણ કર્યાની તારીખ અહેવાલમાં જણાવેલ નથી. મરણજનારના સેમ્પલો તા.૦૪/૦૬/૨૦૨૩ ના રોજ લેવામાં આવેલા અને તેમને તા.૦૯/૦૬/૨૦૨૩ ના રોજ મળેલા. પાંચ દિવસ પોલીસે કઈ રીતે સેમ્પલો સાચવેલા તે તેઓ કહી શકે નહી. થર્મોકોલમાં ૨૩ કલાક સુધી તેનુ તાપમાન જળવાઈ શકે અને જો ત્યારબાદ ચોક્કસ તાપમાન રાખવામાં આવે તો યોગ્ય પરીણામ મળી શકે નહી.

<u>**સાયન્ટીફિક ઓફિસરશ્રીના પુરાવાનુ મુલ્યાંકનઃ**</u>

**૩૦.૨)** ઉપરોક્ત સાહેદની સમગ્રપણે જુબાની જોતાં તેઓના જણાવ્યા અનુસાર ફોરેન્સિક એક્ઝામીનેશન માટે તેઓને તે મુદ્દામાલ મળેલ તે તા.૦૯/૦૬/૨૦૨૩ ના રોજ મળેલો અને આ મુદ્દામાલ સંબંધે સંબંધીત કસ્ટડી ધરાવતા ઓથોરીટી દ્વારા તેને યોગ્ય રીતે જાળવવામાં આવેલ હતા કે કેમ તે અંગે આ સાહેદ ચોક્કસપણે કહી શકે તેમ નથી. સદરહુ સાહેદ દ્વારા તેઓને જે મુદ્દામાલ પરીક્ષણ અર્થે મળેલ તે ચોક્કસ કઈ તારીખે તેનુ પૃથ્થકરણ કરવામાં આવેલુ તેની કોઈ વિગતો આંક – ૧૦૫ અન્વયેના ફોરેન્સિક એક્ઝામીનેશન રીપોર્ટ પરથી પુરવાર થતુ નથી. હાલનો સમગ્ર કેસ આ કામના આરોપીએ ભોગબનનારની ઈચ્છા અને મરજી વિરૂદ્ધ બળજબરીપૂર્વક બળાત્કાર ગુજારી, કપડા વતી ગળેટુંપો દઈ તેણીનું મોત નિપજાવેલ હોવાની હકીકત ઉપર દાખલ થયેલ છે. પરંતુ ફરિયાદપક્ષ દ્વારા જે સાક્ષીઓને તપાસવામાં આવેલા છે તેઓ બનાવની કોઈ હકીકતોને સાતત્યપૂર્ણ રીતે પુરવાર કરી શકેલ નથી. હાલના સાહેદ દ્વારા જે પૃથ્થકરણ રીપોર્ટ તૈયાર કરવામાં આવેલ છે તે અનુસાર મરણજનાર તથા આરોપીના રૂધીરના ડી.એન.એ. પ્રોફાઈલ સાથે મેચ થતા હતા અને મુદ્દામાલમાંથી આરોપીના લોહી અને વીર્યની હાજરી જોવા મળેલી. પરંતુ માત્ર ફોરેન્સિક રીપોર્ટના આધારે હાલના આરોપીએ મરણજનાર સાથે બળાત્કાર કરી તેણીનુ મોત નિપજાવેલ હોવાની હકીકત માની શકાય તેમ નથી અને માત્ર ફોરેન્સિક રીપોર્ટ ઉપર આધાર રાખી આરોપીને આ ગુનામાં સાંકળી શકાય તેમ નથી અને તે સંજોગોમાં ફરિયાદપક્ષ આંક – ૧૦૫ વાળા ફોરેન્સિક રીપોર્ટની હકીકતો સાબિત કરવામાં સંપૂર્ણપણે નિષ્ફળ રહેલ છે.

વધુમાં, મરણજનારના સેમ્પલો તા.૦૪/૦૬/૨૦૨૩ ના રોજ લેવામાં આવેલા છે અને સદરહુ સાહેદને તા.૦૯/૦૬/૨૦૨૩ ના રોજ મળેલ છે. આ સમય દરમિયાન પોલીસે કઈ રીતે આ સેમ્પલો સાચવેલા તે અંગેની કોઈ વિગતો ફરિયાદપક્ષ રજૂ કરી શકેલ નથી અને આ સાહેદના જણાવ્યા અનુસાર જો આ સેમ્પલોનુ યોગ્ય તાપમાન જળવાય ન શકે તો યોગ્ય પરીણામ મળી શકે નહી. તે સંજોગોમાં પણ સદરહુ સાહેદને પરીક્ષણ અર્થે જે મુદ્દામાલ મળેલ તે યોગ્ય રીતે સાચવવામાં અને તેને યોગ્ય રીતે

જાળવવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ રહેલ છે. તે સંજોગોમાં આંક – ૧૦૫ અન્વયે રજૂ થયેલ ફોરેન્સિક રીપોર્ટને આધારે આરોપીને સજા કરી શકાય તેવો કોઈ પુરાવો ચોક્કસપણે પ્રાપ્ત થતો નથી.

**૩૧.)** ફરીયાદપક્ષે આ કામે **સાહેદ નં. ૨૫ પંચ રાજેશભાઈ દડુભાઈ જેબલીયાને આંક – ૧૦૮ થી** સોગંદ ઉપર તપાસેલાં છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, આશરે બે વરસ પહેલા પાળીયાદ ગામે એક વૃધ્ધાનુ ખુન અને બળાત્કાર થયેલ તે કેસમાં આરોપીના બ્લડ સેમ્પલ કબજે કરવાનું હતું અને તે બાબતનું પંચનામુ કરવાનું હતું જેથી તેમને બોલાવેલ. તે વખતે પાળીયાદ પોલીસ સ્ટેશન ખાતે પોલીસ કર્મચારી વિક્રમસિંહ નાઓ સી.એચ.સી. પાળીયાદ ખાતેથી આરોપીના બ્લડ સેમ્પલ લાવી તેમની સમક્ષ રજુ કરેલા જે બ્લડ સેમ્પલો આરોપી હરેશભાઈ ગાબુના હતા. આ બ્લડ સેમ્પલોમા એક થર્મોકોલના બોક્ષમાં બ્લડ સેમ્પલો હતા જેની વચ્ચે એક બરફની કોથળી રાખેલી હતી. સદરહુ સાહેદને આંક – ૮૪ થી રજુ આરોપીના બ્લડ સેમ્પલ કબજે કર્યા અંગેનું પંચનામુ બતાવતાં, તેમાં તેઓ પોતાની સહી ઓળખી બતાવે છે. તેમજ સાહેદને મુદ્દામાલ આરોપીના બ્લડ સેમ્પલો બતાવતા તે તેઓ ઓળખી બતાવે છે.

**૩૧.૧)** બચાવપક્ષે થેયલી ઉલટતપાસમાં સાહેદે સ્વીકારેલ છે કે, પંચનામુ લખવાનો તેમને કોઈ અનુભવ નથી અને તેઓ અગાઉ કોઈ પંચનામામાં રહેલ નથી. પંચમાં રહેવા માટે તેઓને પોલીસે બોલાવેલ અને તે વખતે તેઓ પોલીસ સ્ટેશન તરફથી નિકળેલ હતા તે વખતે તેમની સાથે બીજુ કોઈ ન હતુ તેઓ એકલા હતા. સાહેદ જણાવે છે કે, બીજા પંચ પોલીસ સ્ટેશનમાં હાજર હતા.

**<u>આરોપીના બ્લડ સેમ્પલો કબજે કર્યા અંગેના પંચનામાના પંચસાહેદના પુરાવાનું મુલ્યાંકનઃ</u>**

**૩૧.૨)** ઉપરોક્ત પંચસાહેદની સમગ્રપણે જુબાની જોતાં તેઓના જણાવ્યા અનુસાર આરોપીના બ્લડ સેમ્પલો સંબંધેનુ પંચનામુ કરવા તેઓને બોલાવવામાં આવેલા. તે સિવાય ચોક્કસપણે આ બ્લડ સેમ્પલો આરોપીના હતા કે કેમ તે જણાવી શકે તેમ નથી. પરંતુ પોલીસે જણાવેલ કે, આ બ્લડ સેમ્પલ આરોપીના છે. તે સંજોગોમાં આંક – ૮૪ વાળુ પંચનામુ શંકારહિત

સાબિત કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ રહેલ છે. જેથી આંક – ૮૪ વાળા પંચનામાના આધારે આરોપીના બ્લડ સેમ્પલો મેળવી તે અંગેનો ફોરેન્સિક રીપોર્ટ તૈયાર કરવામાં આવેલાની હકીકત આ પંચસાહેદની જુબાનીના આધારે પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ રહેલ છે.

**૩૨.)** ઉપરોક્ત તમામ હકીકતો લક્ષમાં લેતા ફરિયાદપક્ષ તરફે રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા જોતા હાલનો સમગ્ર બનાવ માત્ર ફોરેન્સિક રીપોર્ટ આધારીત હોવાનુ જણાય છે. **નામદાર સુપ્રિમકોર્ટ દ્વારા વિજયકુમાર અરોરા વિરૂદ્ધ સ્ટેટ (એન.સી.ટી. દીલ્હી) (૨૦૧૦) ૨ એસ.સી.સી. પેજ નં. ૩૫૩** તથા **આફતાબ અહેમદ અંસારી વિરૂદ્ધ સ્ટેટ ઓફ ઉતરાંચલ (૨૦૧૦) ૨ એસ.સી.સી. પેજ નં. ૫૮૩** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે, *આરોપીને સંજોગો આધારીત પુરાવા ઉપરથી પણ કસુરવાર ઠરાવી શકાય, જો આરોપીને સંબંધિત ગુનામાં સાંકળતા સંજોગોની કડીઓ શંકારહિત પુરવાર થાય.* તે સંજોગોમાં હાલના ગુના સંબંધે આરોપીનો હેતુ અથવા ઈરાદો બનાવની તારીખ, સ્થળ, સમયે મરણજનારને થયેલ ઈજાઓ, મૃત્યુના કારણ સંબંધે હાલના આરોપીની સંડોવણી હોવી જરૂરી જણાય છે.

*(૧) કોઈપણ ગુનો કરવા પાછળ કોઈ કારણ, હેતુ કે ઈરાદો હોય છે અને ગુનો કરવાના હેતુ કે ઈરાદાને કાયદા દ્વારા ગંભીરતાથી લેવામાં આવે છે અને ગુનાહિત જાણકારી કે ગુનાહિત જ્ઞાન કે ઈરાદાને કારણે આવુ કૃત્ય ગુનો બને છે.*

હાલના કેસમાં ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા ધ્યાનમાં લેતા તા.૦૩/૦૬/૨૦૨૩ ના રોજ આ કામના આરોપીએ મરણજનાર ધનીબેન નાગરભાઈ મીતલીયાના ઘરમાં પ્રવેશ કરી, ગુનો કરવાના ઈરાદે હાથમાં તલવાર લઈ તેણી ઉપર બળજબરીપૂર્વક બળાત્કાર ગુજારી અને કપડા વતી ગળેટુંપો દઈ તેણીનું મોત નિપજાવેલ હોવાની કોઈ હકીકત શંકારહિત પુરવાર કરી શકેલ નથી. આ કામના આરોપીની આ ગુનામાં સંડોવણી સંબંધે આરોપીનો કોઈ ઈરાદો કે હેતુ પુરવાર થતો નથી અને ફરિયાદીના ઘરમાં આરોપીને તલવાર સાથે પ્રવેશતા કોઈએ

જોયેલ નથી. પરંતુ સાક્ષીઓની જુબાનીઓ જોતા આરોપી મરણજનારના ઘરની વંડી ટપીને જતો હતો તેવી હકીકતો સાહેદોએ જોયેલી તેવો ફરિયાદપક્ષનો કેસ છે. પરંતુ બનાવ નજરે જોનાર સાહેદોની જુબાનીઓ જોતા આ કામના આરોપીની આ ગુનામાં સંડોવણી હોવાનું સ્પષ્ટપણે પુરવાર થતુ નથી. વિશેષમાં, ફરિયાદપક્ષના કેસ અનુસાર સદરહુ બનાવ તા.૦૩/૦૬/૨૦૨૩ ના રોજ બપોરના આશરે ૨ કલાકની આસપાસ બનેલ છે. પરંતુ આરોપી દ્વારા મરણજનારના ઘરમાં તલવાર લઈ તા.૦૩/૦૬/૨૦૨૩ ના રોજ બપોરે ૨ વાગ્યાની આસપાસ પ્રવેશ કરવામાં આવેલ હોય અને મરણજનાર ઉપર બળાત્કાર કરી, તેને કપડા વતી ગળે ટુંપો દઈ, મોત નિપજાવેલુ હોય તેવા કોઈ સાહેદ મળી આવેલ નથી. વિશેષમાં, જે સાહેદોની જુબાની લેવામાં આવેલી છે તેઓના જણાવ્યા અનુસાર માત્ર એક ઈસમ દીવાલ ઠેકીને જતો હતો તેવી હકીકત ફલિત થાય છે. તે સંજોગોમાં આ ગુનામાં આરોપીની સંડોવણી સાંયોગીક પુરાવા જોતા પણ પુરવાર થતી નથી અને ફરિયાદપક્ષ એ હકીકત સાબિત કરવામાં નિષ્ફળ રહેલ છે કે, આરોપી સિવાય અન્ય કોઈ વ્યક્તિએ આ ગુનો કરેલ નથી. તે સંજોગોમાં ફરિયાદપક્ષ આરોપી વિરૂદ્ધ ગુનાની તારીખ, સમય અને સ્થળ સાબિત કરવામાં પણ નિષ્ફળ ગયેલ છે. વધુમાં, આ કામે મરણજનારના શરીર ઉપર થયેલી ઈજાઓ જોતા તેણીની સાથે જપાજપી થયેલ હોય કે તેણીને ઈજાઓ કરવામાં આવેલી હોય તેવુ જણાય છે, તેમજ મરણજનારના બાહ્ય જનનેન્દ્રીયના ભાગો પર અને ગુદા માર્ગ પર પણ ઈજાના નિશાન જોવા મળેલ છે અને ગળાના ભાગે પણ ચકામા જોવા મળેલ છે અને મેડિકલ ઓફિસરના જણાવ્યા અનુસાર મૃત્યુનું કારણ હાથેથી ગળુ દબાવવાના કારણે થયેલુ છે તેમજ ગુપ્ત ભાગની ઈજાઓ કોઈ પદાર્થ વડે બળજબરીથી યોનીમાર્ગમાં પ્રવેશ કરવાના કારણે થયેલી છે. પરંતુ આ કામે આરોપીની મેડિકલ તપાસ દરમિયાન આરોપીના શરીર ઉપર કોઈપણ પ્રકારની ઈજાના નિશાન જોવા મળેલ નથી, તેમજ મરણજનારને થયેલી ઈજાઓ આરોપી પાસે રહેલ હથિયારને કારણે અથવા તો અન્ય કોઈ પદાર્થને કારણે થયેલ હોવાનું ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. આ કામે આરોપીની અટક પંચનામા અનુસાર તેના શરીરના ભાગે ડાબી બાજુ ખભા ઉપર તથા કોણીના ભાગે

સામાન્ય છોલાયેલાની ઈજાઓ જોવા મળેલ છે. પરંતુ આ ઈજાઓ સાથે આરોપીની આ ગુનામાં સંડોવણી બાબતની કોઈ હકીકત ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. આ કામે મરણજનારનો પી.એમ. રીપોર્ટ તથા ઈન્કવેસ્ટ પંચનામુ જોતા મેડિકલ ઓફિસરશ્રીના જણાવ્યા અનુસાર મૃત્યુનું કારણ ગળુ દબાવવાના કારણે થયેલુ છે. પરંતુ મરણજનારના ગળા ઉપર કોઈપણ પ્રકારની આંગળીઓની છાપ જોવા મળેલ નથી. તેમજ આંગળીઓના નિશાનો પણ જોવા મળેલ નથી અને મેડિકલ ઓફિસરશ્રીના જણાવ્યા અનુસાર જો આંગળીઓના કોઈ ચિન્હો જોવા ન મળે ત્યારે અન્ય પ્રકારે પણ મૃત્યુ સંભવી શકે. ફરિયાદપક્ષ દ્વારા મરણજનારનું ચોક્કસ મૃત્યુ ક્યા કારણે થયેલ છે તે શંકારહિત સાબિત કરવામાં આવેલ નથી. તે સંજોગોમાં આ બનાવમાં આરોપીની સંડોવણી હોવાનું કે આરોપીએ આ ગુનો કરેલ હોવાનું પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ રહેલ છે અને માત્ર ફોરેન્સિક રીપોર્ટના આધારે તેમજ આરોપીના ડી.એન.એ. સાથે મરણજનારના ડી.એન.એ. ફાઈલ મેચ થતા હોય અને તે આધારે આરોપીએ મરણજનાર સાથે બળાત્કાર કરેલ હોવાની હકીકત ઉપર ભારપૂર્વક દલીલો કરવામાં આવેલી છે. પરંતુ આ અંગે અન્ય કોઈપણ જાતના પુરાવાની હાજરી વિના માત્ર ડી.એન.એ. રીપોર્ટના આધારે આરોપીએ મરણજનાર ઉપર બળાત્કાર કરી તેનુ મોત નિપજાવેલ હોવાની હકીકત પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ રહેલ છે.

૩૩.) આ કામે ફરિયાદપક્ષ તરફે રજુ થયેલ **માલતી સાહુ વિરૂદ્ધ રાહુલ, (૨૦૨૨) (૦) એ.આઈ.જે.ઈ.એલ.–એસ.સી., ૬૯૫૧૮** ના ચુકાદામાં નામદાર સુપ્રિમકોર્ટે ઠરાવેલ છે કે, જો ફરિયાદપક્ષ સંજોગોની સમગ્ર સાંકળ કડીઓ સંબંધે આરોપીને સાંકળવામાં સફળ રહેલ હોય તો આરોપીને કસુરવાર ઠરાવી શકાય. પરંતુ આ કામે ફરિયાદપક્ષ આ ગુના પાછળનો હેતુ કે ઈરાદો, ગુનામાં વાપરવામાં આવેલ હથિયારની રીકવરી તેમજ આરોપીને થયેલી ઈજાઓ સંબંધે સમગ્ર સંજોગોની સાંકળને આ ગુનો કરવામાં આરોપી તરફે દોરી જતી હોય તેવી કોઈ હકીકત સાબિત કરી શકેલ નથી. તે સંજોગોમાં આ ચુકાદો ફરિયાદપક્ષને મદદરૂપ થઈ શકે તેમ નથી. આ કામે જે મેડિકલ નમુના મેળવવામાં આવેલા છે તેની યોગ્ય રીતે જાળવણી કરવામાં આવેલ છે કે કેમ તે અંગેની કોઈ હકીકતો ફરિયાદપક્ષ સાબિત કરી શકેલ નથી.

૩૪.) આ કામે આરોપીપક્ષ તરફે નામદાર સુપ્રિમકોર્ટ દ્વારા **નાયબ પોલીસ અધિક્ષક સીબી–સીઆઈડી વિરૂદ્ધ રાજ્ય, ૨૦૨૫ (૦) એ.જે.એલ.–એસ.સી.– ૭૫૪૦૫** ના ચુકાદામાં નામદાર સુપ્રિમકોર્ટ દ્વારા ઠરાવવામાં આવેલ છે કે, ફક્ત આરોપી પાસેથી કોઈ હથિયાર રીકવર કરવામાં આવ્યુ હોય તો તેના આધારે આરોપીને દોષિત ઠરાવી શકાય નહી. હાલના કેસમાં પણ આરોપી પાસેથી તલવાર રીકવર કરવામાં આવેલ હોવાની હકીકતને આધારે આરોપીની આ ગુનામાં સંડોવણી હોવાનું પુરવાર કરવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે. પરંતુ તમામ પુરાવા જોતા માત્ર હથિયાર રીકવરીના આધારે આરોપીને કસુરવાર ઠરાવી શકાય તેમ નથી.

૩૫.) આ કામે આરોપીપક્ષ તરફે નામદાર સુપ્રિમકોર્ટ દ્વારા **કટ્ટુવેલાઈ ઉર્ફે દેવકર વિરૂદ્ધ તમિલનાડુ રાજ્ય, ૨૦૨૫ (૦) એ.જે.એલ.–એસ.સી. ૭૫૫૭૯** ના ચુકાદામાં ઠરાવવામાં આવેલ છે કે, ડી.એન.એ. પુરાવા ફકત ત્યારે જ સંભવિત છે કે જ્યારે તેને યોગ્ય રીતે સોંપવામાં આવે અને વિના વિલંબે કડક કસ્ટડી હેઠળ જાળવી રાખવામાં આવે. જ્યારે હાલના કેસમાં ફરિયાદપક્ષ દ્વારા આરોપી તથા મરણજનારના જે મેડિકલ નમુનાઓ ફોરેન્સિક તપાસ અર્થે મેળવવામાં આવેલ છે તેને યોગ્ય તાપમાનમાં અને યોગ્ય કસ્ટડીમાં જાળવવામાં આવ્યા હોય તેવી કોઈ હકીકતો શંકારહિત પુરવાર થતી નથી અને તે કારણે માત્ર ડી.એન.એ. આધારીત રિપોર્ટ ઉપરથી આરોપીને કસુરવાર ઠરાવી શકાય તેમ નથી.

૩૬.) આ કામે આરોપીપક્ષ તરફે નામદાર સુપ્રિમકોર્ટ દ્વારા **દસારી સીવાપ્રસાદ રેડ્ડી વિરૂદ્ધ પબ્લિક પ્રોસિક્યુટર આંધ્રપ્રદેશ હાઈકોર્ટ, ૨૦૦૪ (૦) એ.આઈ.જે.ઈ.એલ.–એસ.સી.–૭૩૦૨** ના ચુકાદામાં નામદાર સુપ્રિમકોર્ટે ઠરાવેલ છે કે, બનાવ સ્થળે આરોપીની હાજરી વિશ્વસનીય પુરાવાથી સાબિત થતી ન હોય ત્યારે શંકાનો લાભ આરોપીને મળવાપાત્ર છે. હાલના કેસમાં પણ મરણજનારના ઘરમાં આરોપીની હાજરી હોવા સંબંધેના કોઈ વિશ્વસનીય પુરાવા પ્રાપ્ત થયેલ નથી અને જે સાહેદોએ આરોપીને બનાવ તારીખે અને સમયે મરણજનારના ઘરમાં જોયેલ હોવાનુ જણાવે છે તે પણ આરોપીપક્ષે થયેલી ઉલટતપાસ જોતા તે સમગ્ર હકીકતો શંકાસ્પદ પુરવાર

થાય છે. તે સંજોગોમાં આ તમામ ચુકાદા લક્ષમાં લેતા ફરિયાદપક્ષ આરોપી વિરૂદ્ધનો કેસ શંકારહિત પુરવાર કરી શકેલ નથી અને સંજોગોની સમગ્ર સાંકળ આરોપી તરફે દોરી જતી હોય તેવી કોઈ હકીકતો ફરિયાદપક્ષ રજૂ કરી શકેલ નથી. જેનો લાભ ચોક્કસપણે આરોપીને મળવાપાત્ર છે. તે સંજોગોમાં **મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં** ઠરાવવામાં આવે છે.

**<u>મુદ્દા નં. ૨</u>**

**૩૭.)** ઉપરોક્ત મુદ્દા નં. ૧ માં કરવામાં આવેલ ચર્ચાની હકીકત ધ્યાને લેતાં ફરિયાદપક્ષ આરોપી વિરૂદ્ધનો કેસ સાબિત કરવામાં નિષ્ફળ રહેલ હોય, મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**–: હુકમ :–**

**૧.)** આરોપી હરેશભાઈ વેલશીભાઈ ગાબુ, રહે. પાળીયાદ સરકારી ગોડાઉનની સામે, પાળીયાદ, જી.બોટાદ નાઓને ઈ.પી.કો. કલમ–૩૦૨, ૩૭૬(એ), ૪૫૨, ૪૫૦ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી ક્રિ.પ્રો.કોડની કલમ–૨૩૫(૧) મુજબ શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.)** આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) મુજબ રૂ.૧૫,૦૦૦/– (અંકે રૂપીયા પંદર હજાર પુરા) નો એક સધ્ધર જામીન અને તેટલી જ રકમનો જાતમુચરકો ભરી આપવાનો રહેશે.

**૩.)** આ કામે મુદ્દામાલ સેમસંગ કંપનીનો વાદળી કલરનો ગેલેક્ષી એ૧૨ મોબાઈલ અંગે સંબંધીત પોલીસ સ્ટેશનના પોલીસ અધિકારીને માલિકી અંગેની ખરાઈ કરી મુળ માલીકને પરત સોંપવો. તેમજ બાકીનો મુદ્દામાલ અપીલ સમય વીત્યાબાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા. ૦૮ મી જુન, ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરીને જાહેર કર્યો.

તા. ૦૮/૦૬/૨૦૨૬
મુ. બોટાદ.

**(જયેશકુમાર કનુભાઈ પ્રજાપતિ)**
એડીશનલ સેશન્સ જજ તથા
સ્પેશીયલ જજ, તા. જી. બોટાદ.
(કોડ નં. જી.જે. ૦૦૫૯૮)

જે.કે.કછોટ